ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, આણંદ, સુરત, જામનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2014/57916

અમદાવાદ

લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 | નિવાસી તંત્રી : દિનેશસિંહ રાઠોડ - 98253 90510 | (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar-382 028 • Published : BLOCK NO. D/ 6, OPP. JAIN TEMPLE, SECTOR-8 / A, NIRNAY NAGAR, AHMEDABAD (GUJARAT) 382 481

• વર્ષ 6 • અંક 076 • દિનાંક 15-06-2019 • શનિવાર • વિક્રમ સંવત 2075 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

પાક. પોતાના દેશમાં આતંકીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે

પાકિસ્તાન આતંકવાદી જૂથો સામેની કાર્યવાહીમાં પલટી મારી શકે છે : અમેરિકા

(એજન્સી) વોશિંગ્ટન,

અમેરિકાના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, પાકિસ્તાને પુલવામા આતંકવાદી હુમલા બાદ આતંકવાદી સમૂહો વિરુદ્ધ કેટલાક મહત્વના પગલા ભર્યા છે પરંતુ તે અત્યારે પણ પલટી મારી શકે છે. દક્ષિણ અને મધ્ય અશિયાઇ બાબતો માટે વિદેશ મંત્રાલયના વિશેષ અધિકારી એલિસ જી વેલ્સે અશિયા, પેસેફિક અને પરમાણુ અપ્રસાર માટે વિદેશ બાબતો અંગેની ગૃહની ઉપસમિતિને જણાવ્યું હતું કે, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠન ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય શાંતિ માટે ગંભીર ખતરો રહેશે ત્યાં સુધી તે પાકિસ્તાનમાં સ્વતંત્ર રીતે કામ કરી શકશે. તેમણે અપીલ કરી હતી કે પાકિસ્તાન દેશમાં કામ કરી રહેલા આતંકવાદી સંગઠનોની વિરુદ્ધ સતત કાર્યવાહી કરે. એલિસે પોતાના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાનની વચ્ચે તણાવ ઉત્પન્ન કરનાર પુલવામા આતંકવાદી હુમલાએ વિસ્તારમાં આતંકવાદી ગતિવિધિઓને રોકવાની મહત્વતા અને તાત્કાલિક આવશ્યકતા પર ભાર મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આપણે જોયું કે હાલમાંજ પાકિસ્તાને કેટલાક આતંકવાદીઓની ધરપકડ કરી હતી અને આતંકવાદી સંગઠનો માટે નાણાં એકત્ર કરનારા કેટલાક સંગઠનોની સંપત્તીઓ પણ જપ્ત કરી હતી આ એક મહત્વપૂર્ણ પગલું છે તેમ છતાં તે અત્યારે પણ પલટી શકે છે.

કેરાલા : અસહિષ્ણુ પોલીસે મુખ્યમંત્રી સામે કોમેન્ટ કરનારા ૧૩૮ લોકો ઉપર કેસ કર્યા

(એજન્સી) તિરુવનંતપુરમ્,

યુપીમાં સીએમ યોગી પર ટિપ્પણી કરનાર એક પત્રકારને પોલીસે જેલમાં ધકેલતા આખા દેશમાં ઉહાપોહ મચાવાયો હતો ત્યારે દેશના સૌથી શિક્ષિત ગણાતા રાજ્ય કેરાલામાં તો પરિસ્થિતિ તેના કરતા અનેકગણી વધારે ખરાબ છે. કેરાલાની અસિહષ્ણુ પોલીસે કેરાલાના મુખ્યમંત્રી પી. વિજયન અને બીજા ડાબેરી નેતાઓ સામે ટિપ્પણી કરનારા લોકો સામે અત્યાર સુધીમાં ૧૩૮ પોલીસ કેસ ઠોકી દેવામાં આવ્યા છે. જેમાં આમ નાગરિકોથી માંડીને સરકારી કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. આ પૈકીના ૧૧૯ કેસ તો આ વર્ષના પહેલા ૬ મહિનામાં જ થયા છે.જેમાં ૧૨ સરકારી કર્મચારી છે અને એક કેન્દ્ર સરકારનો કર્મચારી છે.આ કર્મચારીઓને તો સીએમ સામે ટિપ્પણી કરવા બદલ સસપેન્ડ પણ કરાયા છે. મોટાભાગના કેસમાં ફેસબૂક અને વોટસએપ પર સીએમ સામેના મેસેજ ફોરવર્ડ કરવામાં આવ્યા છે.વિજયન સામેની ટિપ્પણીઓ એ સમયગાળા દરમિયાનની છે જ્યારે સબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશ આપવાનો વિવાદ થયો હતો. કેરાલાની વિધાનસભામાં વિરોધ પક્ષે આ મુદ્દો ઉઠાવીને એમ પણ કહ્યુ હતુ કે, કેરાલાના સીએમ પણ યુપીના સીએમ યોગી આદિત્યનાથ કરતા ઓછા ઉતરે તેવા નથી.

રાજપરા બંદરે હોડી ઉંધી વળતા એક યુવાન દરિયામાં ગરકાવ થયો

(એજન્સી) ઉના,

ઉનાના દરિયાઇ પટ્ટી પર બપોરે ફરી ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. ઉનાના નવાબંદરનો દરિયો ગાંડોતૂર બન્યો છે. આથી દરિયામાં ૧૦થી ૧૨ ફૂટ ઉંચા મોજા ઉછળી રહ્યા છે. નવાબંદર ખાતે કાંઠે લાંગરેલી બોટને દરિયાના મોજાએ ખેંચી લેતા તેમાં સવાર ૭થી ૮ લોકો ફસાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. મોજાની તાકાત એટલી હતી કે દોરડું તોડી બોટને દરિયામાં ખેચી લીધી હતી.રાજપરા બંદરે યુવાન ડૂબ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. હોડી ઊંધી થતા દરિયામાં ગરકાવ થયો છે. રાજપરા બંદર પર તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તાર ખાલી કરાવવામાં આવી રહ્યા છે. પોલીસની અપીલ બાદ પણ લોકો રહેઠાણ છોડવા તૈયાર નથી.

તંત્ર નિંદ્રામાં..!! ચોપાટી પર ભીડ જામી, જાહેરનામાનો ભંગ

(પ્રતિનિધિ) પોરબંદર,

વાયુ વાવાઝોડું વધુ મજબૂત બન્યા બાદ દરિયાકિનારા ધરાવતાં જિલ્લાઓ હાઈએલર્ટ પર છે. પોરબંદર જિલ્લામાં પણ હાઈએલર્ટ કરવામાં આવ્યું છે. આ દરમિયાન બુધવાર સવારે કલેક્ટરના જાહેરનામાનો ભંગ થયો હોવાનું નોંધાયું છે. પોરબંદર વહીવટી તંત્ર ઊંઘતું ઝડપાયું છે. પોરબંદર ચોપાટી પર સુરક્ષા વ્યવસ્થા જોવા મળી ન હતી. વહીવટી તંત્રે ૫ દિવસ માટે ચોપાટી પર જવાનો પ્રતિબંધ મૂક્યો હોવા છતાંય લોકોની ભીડ જોવા મળી હતી. ત્યારબાદ પોલીસ અને વહીવટી તંત્રમાં હરકતમાં આવ્યું હતું અને ચોપાટીથી લોકોને બહાર ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત, પોરબંદરમાં વાવાઝોડાને લઈ તંત્ર એલર્ટ થઈ ગયું છે. પોરબંદરની હોટલોમાં રોકાયેલા તમામ ટુરિસ્ટને બુધવાર સવારે હોટલ છોડવા અપીલ કરવામાં આવી છે. હોટલ માલિકોને પણ નવા આવનારા ટુરિસ્ટોને રૂમ નહીં ફાળવવા કરી અપીલ કરવામાં આવી છે.

૨૦૧૬-૧૭માં ૯૧ ક્રોડપતિ હતા

ટી.સી.એસ. કંપનીમાં કરોડપતિ કર્મચારીઓની સંખ્યા ૧૦૦ની ઉપર

(એજન્સી) મુંબઇ,

ટીસીએસમાં વાર્ષિક ૧ કરોડનો પગાર મેળવતા કર્મચારીઓની સંખ્યા ૨૦૧૮-૧૯માં ૧૦૦ને વટાવી ગઇ છે. કરોડપતિ પગારદારોમાંથી ૨૫ ટકા કર્મચારીઓએ ટીસીએસમાં જ કારર્કિદીની શઆત કરી હતી. ૨૦૧૬-૧૭માં ટીસીએસમાં ૯૧ કરોડપતિ હતાં, જે આંકડો ૨૦૧૮-૧૯માં વધીને ૧૦૩ થયો છે. જેમાં સીઇઓ રાજેશ ગોપીનાથન અને સીઓઓ એન. જી. સુબ્રમણિયમનો પગારનો સમાવેશ થતો નથી. ટીસીએસની તુલનામાં ઇન્ફોસિસમાં રૂ.૧ કરોડથી વધુ પગાર ધરાવતા કર્મચારીની સંખ્યા ૬૦ છે. ઉલ્લેખનીય છે કે ટીસીએસ કર્મચારીઓનો પગાર ગણતરી વખતે ઇન્ફોસિસની જેમ સ્ટોક (શેર)નાં હિસ્સાને ધ્યાનમાં લેતી નથી. ઉપરાંત, તેના કરોડથી વધુ પગાર ધરાવનાર લોકોમાં વિદેશી કર્મચારીઓ સામેલ નથી. ટીસીએસના લાઇફ લાયસન્સિસ, હેલ્થકેર અને પબ્લિક સર્વિસિસના હેઠ દેબાશિષ ઘોષને ૧.૪.૭ કરોડનો પગાર મળ્યો હતો. એવી રીતે બિઝનેસ અને ટેક્નોલોજી સર્વિસિસના વડા ક્રિષ્નના રામાનુજમનો પગાર રૂ.૪.૧ કરોડને વટાવી ગયો હતો. કંપનીના બેંકિંગ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ઇંશ્યોરન્સ બિઝનેસના હેડ કે કિતિવાસનને રૂ.૪.૩ કરોડનો પગાર મળ્યો હતો. ટીસીએસના ચીફ ટેક્નોલોજી ઓફિસરનો પગાર રૂ.૩.૫ કરોડથી વધુ છે. કંપ્રીના રિટેલ અને ક્ધઝયુ પ્રોડક્ટ્સના ભૂતપૂર્વ વડા પ્રતીક પાલને ૧.૪.૩ કરોડનો પગાર મળ્યો હતો. જોકે, ત્યાર પછી પાલ ગ્રુપ્રા ડિજિટલ પહેલ પર કામ કરવા ટાટા સન્સમાં ગયા છે.

પાકિસ્તાને ગયા વર્ષની સરખામણીએ રક્ષા બજેટમાં ૪.૫ ટકાનો વધારો કર્યો..!!

(એજન્સી) ઇસ્લામાબાદ,

પાકિસ્તાની સેનાએ દેશની ખરાબ અર્થવ્યવસ્થાને જોતા રક્ષા બજેટમાં કાપ મુકવાની વાત કરી હતી. પાકિસ્તાન સરકારે દાવો કર્યો હતો કે આગળનુ નાણાકિય વર્ષ માટે તેના રક્ષા બજેટને કોઈ પણ પ્રકારના બદલાવ વગર ૧,૧૫,૨૫,૩૫૦ લાખ રૂપિયાનુ રાખવામાં આવ્યુ છે. સરકારી દસ્તાવેજો મુજબ ગયા વર્ષની સરખામણીએ રક્ષા બજેટમાં ૪.૫ ટકાનો વધારો કર્યો છે. ચાલુ વર્ષ માટે રક્ષા બજેટનો આંકડો ૧,૧૦,૦૩,૩૪૦ લાખ રૂપિયા હતુ પરંતુ તે વધારીને ૧,૧૩,૭૭,૧૧૦ લાખ રૂપિયા કરી દેવામાં આવ્યુ આમ કુલ તેમાં ૫,૨૨,૦૧૦ લાખ રૂપિયાનો વધારો કરીને આગળના વર્ષ માટે ૧,૧૫,૨૫,૩૫૦ લાખ રૂપિયાનુ કરવામાં આવ્યુ હતુ. રેવેન્યુ મંત્રી હમ્માદ અજહરે મંગળવારે ૨૦૧૯-૨૦ના પોતાના બજેટ ભાષણમાં માત્ર એટલુ જ જણાવ્યુ કે રક્ષા બજેટ વગર બદલાવે ૧,૧૫,૨૫,૩૫૦ લાખ રૂપિયા રહેશે. જણાવી દઈએ કે છેલ્લા અઠવાડીયામાં પાકિસ્તાની સેનાએ આર્થિક સંકટને જોતા સ્વૈચ્છીક બજેટનો સૌથી મોટો હિસ્સો કપાત કરવાનુ જણાવ્યુ હતુ. પાકિસ્તાન પોતાના બજેટનો સૌથી મોટો હિસ્સો સેના પર ખર્ચ કરતો હતો. માનવામાં આવી રહ્યુ છે કે આર્થિક સંકટની સાથે વૈશ્વિક દબાવની વચ્ચે પાક. સેનાએ પોતાની બજેટનું કપાત કર્યુ હતુ.

મધ્યપ્રદેશમાં આવેલા વાવાઝોડામાં બાળક ઉડ્યું

બડવાની,

મધ્ય પ્રદેશના બડવાની જિલ્લામાં બુધવારે રાતે આવેલા વાવાઝોડામાં દોઢ વર્ષનુંએક બાળક ઉડી ગયું હતું. તે અંદાજે ૨૦૦ મીટરના અંતરે જઈને પડ્યું હતું. જેમાં તેનું મોત થઈ ગયું છે. બીજી બાજુ પાટનગર ભોપાલ સહિત ઘણાં રાજ્યોમાં વાવાઝોડું નોંધવામાં આવ્યું છે. અમુક જગ્યાએ પ્રી-મોનસૂન વરસાદ પણ થયો છે. બડવાની પોલીસ ઈન્સપેક્ટર પ્રભારી સંતોષ સાંવલેએ જણાવ્યું કે, ફોગરા અને તેની પત્ની વલન ગામમાં એક ઝૂંપડીમાં રહેતા હતા.

પીએનબી કૌભાંડ: આરોપી નીરવ મોદીના ચોથી વખત જામીન રદ

(એજન્સી) લંડન,

પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડ કેસમાં આરોપી અને ભાગેડુ નીરવ મોદીના જામીન લંડનની રોયલ કોર્ટ ઓફ જસ્ટિસે ફગાવી દીધા છે. નીરવ મોદી પુરાવાને નષ્ટ કરે તેવું જોખમ હોવાથી જજે મોદીના જામીન નામંજૂર કરી દીધા હતા. સતત ચોથી વખત નીરવ મોદીના જામીન ફગાવવામાં આવ્યા છે. કોર્ટમાં આજરોજ થયેલી સુનાવણીમાં નીરવ મોદીના વકીલને પણ જજ આડેહાથ લીધા હતા. જજે જણાવ્યું કે તેઓ એ વાત માની શકતા નથી કે જામીન મળતા મોદી પુરાવાને નષ્ટ નહીં કરે. સુનાવણી દરમિયાન જજે આકરી ટિપ્પણી કરતા જણાવ્યું કે ભવિષ્યમાં શું થશે, કોણ જાણે છે. નીરવ મોદી વિરુદ્ધ સંખ્યાબંધ દેશોમાં છેતરપિંડીના કેસ દાખલ છે, જેથી જામીન આપવા યોગ્ય નથી તેમ જજે જણાવ્યું હતું. આ અગાઉ લંડનની જ કોર્ટે નીરવ મોદીને ૨૬ જૂન સુધી કસ્ટડીમાં રાખવા આદેશ કર્યો હતો. ૪૮ વર્ષીય મોદીએ ભારતમાં ૧૩,૦૦૦ કરોડનું પીએનબી કૌભાંડ આચર્યું હતું. ૧૯ માર્ચના હોલબોર્નથી નીરવ મોદીની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારબાદ પ્રત્યર્પણ કાર્યવાહી હેઠળ તેની સ્કોટલેન્ડ યાર્ડ પોલીસે ધરપકડ કરી હતી.

૧૫ સપ્ટેમ્બરે હાવરામાં ઉ.પ્રદેશના મુખ્યમંત્રી રામમંદિરનો શિલાન્યાસ કરશે

(એજન્સી) લખનૌ,

અયોધ્યાથી પહેલાં પશ્ચિમ બંગાળમાં રામમંદિર બનાવવાની જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો વધી ગયો છે. આંતરરાષ્ટ્રીય રામમંદિર ટ્રસ્ટે હાવરામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ કરવાનું એલાન કર્યું છે. ૧૫ સપ્ટેમ્બરે હાવરામાં ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ રામમંદિરનો શિલાન્યાસ કરશે. આ માટે અત્યારથી જ ભવ્યાતિભવ્ય શિલાન્યાસ સમારોહની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બંગાળમાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) આમનેસામને છે. લોકસભા ચૂંટણી દરમિયાન ભારે હિંસા અને બંને પક્ષના કાર્યકરોની હત્યાની ઘટનાઓ બાદ સમગ્ર દેશની નજર હવે પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણી પર છે. ભાજપ અને ટીએમસી બંગાળનો ગઢ કબજે કરવા માટે અત્યારથી જ પૂરું જોર લગાવી રહ્યાં છે. ભાજપે ચૂંટણી પહેલાં જ રામમંદિરનો મુદ્દો ઉઠાવ્યો છે. બીજી તરફ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ એક દિવસ પહેલાં જ કોલકાતાની હેયર સ્કૂલમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. ૧૯મી સદીના સમાજસુધારક વિદ્યાસાગરની એક અન્ય પ્રતિમાને ૨૮ દિવસ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના રોડ-શો દરમિયાન તોડી નાખવામાં આવી હતી.

ચીનમાં ભારે વરસાદ-પૂરને કારણે ૧૬ લોકોના મોત,૧.૫૦ લાખ લોકોનું સ્થળાંતર

(એજન્સી) બેઇજિંગ,

ચીનના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં છેલ્લા સપ્તાહથી વરસાદનો કેર યથાવત છે. જેનાથી આવેલા પૂરને કારણે અત્યાર સુધી ૧૬ લોકોના મોત થયા છે. ૩.૬૦ લાખ આ પૂરના કારણે અસરગ્રસ્ત થયા છે. ૧૩૫૦ મકાન તૂટ્યા અને ૧ લાખ ૫૦ હજારથી વધારે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, પૂરની અસર ૬ શહેરો પર સૌથી વધારે થઈ છે. જેમાંથી ૯ અને ગુઆંગડોંગમાં ૭ લોકોના મોતના સમાચાર પણ છે. હુયાન શહેરના ત્રણ ભાગ ખરાબ રીતે પૂરના સંકજામાં આવી ગયા છે. અહીં ૧ લાખથી વધારે લોકો ઘરવિહોણા થયા છે, જ્યારે ૯૫૬ મકાન ધરાશાયી થયા છે. ચીનમાં હવામાનથી સંબંધિત ચેતવણી માટે ચાર કલર સિસ્ટમ નક્કી કરાઈ છે. જેમાં રેડ એલર્ટ સૌથી ખતરનાક હવામાનની ચેતવણી આપે છે. ત્યારબાદ ઓરેન્જ , યલો અને બ્લૂનો નંબર આવે છે. વિસ્તાર હવામાન વિભાગે પૂરથી પ્રભાવિત વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે. અહીં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આશંકા વ્યક્ત કરાઈ છે.

ક્રિમ જોગ તેમની વાત પર અડગ,ત્રીજી વખત વાતચીત શક્ય: ડોનાલ્ડ ટ્રમ્પ

(એજન્સી) વોશિંગ્ટન,

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, તેમને નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનનો એક શાનદાર પત્ર મળ્યો છે. આ પત્રના કારણે તેમણે ફરી એક વાર નોર્થ કોરિયા સાથે વાતચીતની ઈચ્છા વ્યક્ત કરી છે. જ્યારે એક મહિના પહેલાં જ નોર્થ કોરિયાના મિસાઈલ ટેસ્ટ પછી ટ્રમ્પે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, કિમ વાતચીત કરવા માંગતા નથી. હકીકતમાં ગયા મહિને નોર્થ કોરિયાએ લાંબા અંતરની મિસાઈલનો ટેસ્ટ કર્યો હતો. આ દરમિયાન કિમ જાતે પરિક્ષણ જોવા માટે હાજર રહ્યા હતા. અમેરિકા અને દક્ષિણ કોરિયાએ આ ટેસ્ટની પુષ્ટિ પણ કરી હતી. જોકે ટ્રમ્પે તે ઘટના ક્રમને નજર અંદાજ કરીને કહ્યું હતું કે, કિમ તેમની વાત પર અડગ છે અને મારા માટે તે વધારે મહત્વનું છે. અમેરિકન રાષ્ટ્રપતિએ એ નથી જણાવ્યું કે, કિમે પત્રમાં શું લખ્યું છે. પરંતુ તેમણે ત્રીજીવાર તાનાશાહ કિમ સાથે વાતચીતમાં રસ દાખવ્યો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું છે કે, મુલાકાત ત્રીજી વખત પણ થઈ શકે છે પરંતુ તે માટે યોગ્ય સમય હોવો જોઈએ. નોર્થ કોરિયા તૈયાર થયા પછી અમે પણ તૈયાર થઈશું. માનવામાં આવે છે કે, અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) જોન બોલ્ટન પણ બંને નેતાઓની ત્રીજી સમિટના સમર્થનમાં છે.

ફોર્બ્સની યાદીમાં સામેલ કોહલી એકમાત્ર ભારતીય, કરી રૂ.૧,૭૩૫,૧૮૮,૮૯૩ની કમાણી

(એજન્સી) ન્યુ દિલ્હી,

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી વિશ્વમાં સર્વાધિક કમાણી કરનારા ખેલાડીઓની ફોર્બ્સની યાદીમાં સામેલ એકમાત્ર ભારતીય છે અને તેની કુલ વાર્ષિક કમાણી ૨ કરોડ ૫૦ લાખ ડોલર એટલે કે ૧,૭૩૫,૧૮૮,૮૯૩ રૂપિયા છે. ભારતીય કેપ્ટન આ યાદીમાં ૧૭ સ્થાન નીચે ૧૦૦માં ક્રમે પહોંચી ગયો છે. આ યાદીમાં બાર્સિલોના અને આર્જેન્ટીનાનો ફુટબોલ સ્ટાર લિયોનેલ મેસી ટોપ પર છે. ફોર્બ્સની જાહેર થયેલી યાદી અનુસાર કોહલીને જાહેરાતથી ૨.૧ કરોડ ડોલર, જ્યારે વેતન અને જીતથી મળનારી રકમથી ૪૦ લાખ ડોલરની કમાણી થાય છે. છેલ્લા ૧૨ મહિનામાં તેની કુલ કમાણી ૨.૫ કરોડ ડોલર રહી છે. પાછલા વર્ષે કોહલી આ યાદીમાં ૮૩મા સ્થાન પર હતો, પરંતુ આ વખતે તે ૧૦૦મા સ્થાને પહોંચી ગયો છે. પરંતુ જાહેરાતથી તેની કમાણીમાં ૧૦ લાખ ડોલરનો વધારો થયો છે. મેસીએ રમતોની દુનિયામાં સર્વાધિક કમાણી કરનાર ખેલાડીઓની યાદીમાં નિવૃતી લઈ ચુકેલા બોક્સર ફ્લાયડ મેવેદરને ટોપ પરથી હટાવી દીધો છે. આર્જેન્ટીનાના સ્ટારની પગાર અને જાહેરાતથી કુલ કમાણી ૧૨.૭ કરોડ ડોલર છે. મેસી બાદ પોર્ટુગલના ફુટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો નંબર આવે છે, જેની કુલ કમાણી ૧૦.૯ કરોડ ડોલર છે.

લોકાર્પણ

તંત્રી મંથન.....

પત્રકારની પીટાઈ : ભાજપ કરે તો લીલા... બીજા કોઈ કરે તો કેરેક્ટર લૂઝ....?!

લોકસભામાં રજુ થયેલા રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) ના રિપોર્ટ અનુસાર ૨૦૧૩થી અત્યાર સુધી માં દેશમાં પત્રકારો ઉપર સૌથી વધુ હુમલા ઉત્તર પ્રદેશમાં થયા છે. ૨૦૧૩ થી લઈને અત્યાર સુધી ઉત્તરપ્રદેશમાં પત્રકારો ઉપર હુમલા ના ૬૭ કેસ દાખલ થયા છે. બીજા નંબર પર ૫૦ ઘટનાઓ સાથે મધ્ય પ્રદેશ અને ત્રીજા સ્થાન પર ૨૨ હુમલાઓની સાથે બિહાર છે. આ સમય દરમ્યાન સમગ્ર દેશમાં પત્રકારો ઉપર હુમલાના ૧૯૦ મામલા સામે આવ્યા છે. યુપીમાં આજનિ સમયે ભાજપાની સરકાર છે અને યોગીજી પ્રદેશના વડા છે. એક ચેનલના પત્રકાર પ્રશાંત કનોજીયાએ યોગીજીનું કહેવાતું અપમાન કરવાના આરોપમાં જેલમાં નાખી દેવામાં આવ્યો. યુપી ના જ શામલીમા એક ઘટનાનું કવરેજ કરી રહેલા પત્રકારની પોલીસ દ્વારા પીટાઈ અને તેના મોઢા ઉપર પેશાબ કરવાની ઘટના સત્તાધારી પક્ષ ભાજપાને માટે નાનકડી હોઈ શકે છે. યોગી સરકારમાં જ એક ચેનલને તાળા લાગી ગયા કેમ કે તે લોકોનો અવાજ ઉઠાવી રહી હતી. ભાજપાના નેતાઓ અવાર નવાર ઈમરજન્સીની વાતો કરીને કોંગ્રેસની ટિપ્પણી કરતા રહ્યા છે. કોંગ્રેસ પણ કોઈ દૂધની ધોયેલી નથી તો ભાજપાના કમળ ઉપર પણ પત્રકારોને પીડા પહોંચાડવાનું અને મારપીટ કરવાનો દાગ લાગ્યો છે. પરંતુ ભાજપાની એવી નીતિ રહી છે કે હું કરું તો લીલા અને અન્ય કોઈ કરે તો સાલુ ચારિત્ર્ય ઢીલુ....! બંગાળમાં ભાજપાની એક મહિલા કાર્યકર્તાએ ત્યાના સીએમ મમતા બેનરજીનું પ્રિયંકા ચોપડા જેવું પુતળુ બનાવ્યું તો મમતા સરકારે તેને જેલમાં નાખી દીધી ત્યારે ભાજપાએ દેશભરમા મમતા દીદી ની વિરુદ્ધ હલ્લા ગુલ્લા-શોર બકોર મચાવી દીધો. દીદીને તાનાશાહ કહેવામાં આવ્યા. જ્યારે આવાજએક મામલામાં યોગી સરકારે પત્રકાર પ્રશાંત કનોડિયાને જેલમાં નાખ્યો. ત્યારે તો કોઈ ભા.જ.પા.ના નેતાએ યોગી સરકારને તાનાશાહ કહ્યું નહીં અને કહે તો પણ ક્યાં મોઢે થી કહે. ભા.જ.પા સરકારમાં પોલીસ કે તંત્ર પત્રકારોની પીટાઈ કરે તો ભાજપાને સારું લાગે છે પરંતુ જ્યારે કોઈ બિન ભાજપાની સરકાર ભાજપના કાર્યકર્તાને જેલમાં નાખે તો તે....? ઈમરજન્સીને આગળ કરીને પોતાની જાતને બચાવવી એ હવે આજના સોશિયલ મીડિયા અને નેટયુગમા સંભવ નથી. આજે તો તુરંત પ્રતિક્રીયા મળે છે. એક ચેનલના ફક્ત એટલા માટે તાળા લગાવી દઈને મજબૂર કરવાની કે સરકારની વિરુદ્ધ જનતાનો અવાજ ઉઠાવી રહી હતી....? શું ભાજપા સરકારમાં પોતાની ટીકા-ટિપ્પણી સાંભળવાની હિંમત નથી કે શું....? પોલીસ દ્વારા પત્રકારની પીટાઈનો વિડિયો જોવાથી ખબર પડે છે કે લોકશાહીમાં પોલીસને ચોથી જાગીર ઉપર કેટલો પ્રેમ છે....! આવી પીટાઈ કોઈ પત્રકારે પોલીસવાળાની કરી હોત તો યોગી સરકાર શું કરત.....? વિચારો ભાજપાના નેતાઓ અને દીદીની સરકાર પણ. ચોથી જાગીર કોઈને પસંદ નથી. મીડિયા- પ્રેસ સરકારની વાહવાહી કરવાને માટે નથી. તે પ્રજા અને સરકાર ની વચ્ચે એક કડી છે. જો આ કડી તૂટી જશે તો જનતા નો અવાજ સરકાર અને તંત્ર સુધી કોણ પહોંચાડશે...? બંગાળ સરકાર કરે તો કેલેક્ટર લુઝ અને ભાજપાની સરકાર કરે તો લીલા...! પત્રકાર ભાઈઓ અત્યારે પણ નથી જાગ્યા તો ઈમરજન્સીથી પણ ખરાબ હાલત થઈ શકે છે. સંગઠનમાં શક્તિ છે. ભાજપાની મોદીની તાકાત સંગઠન છે. મોદીજી એકલા કાઈ ન કરી શકે. એજ રીતે પત્રકાર-પ્રેસ કે મિડીયા એક થાય. આપણે બધા એક થઈશુ તો એક અને એક ૧૧ બનશે. યુપી ની સરકાર હોય કે મમતાની. પ્રેસ મીડિયા ઉપર હુમલો નિંદનીય છે. યોગીજીને આ અંગે કઈ કહેવાની હિંમત ભાજપાના કોઈ પણ નેતાઓમાં નથી તે એક કડવી સત્ય વાત છે. મીડિયા ખતરામાં છે એ જાણીને એવુ માનીને મિડીયા કર્મચારીઓ ચાલે અને બધા એક થાય તો કોઈપણ સરકાર મીડિયા અને હાથ લગાવવાની હિમત નહીં કરે. કિસી ને ખુબ કહા હૈ- ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહા જો સોવત હૈ... સો સોવત હૈ વો ખોવત હૈ...!

કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજયભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં **લોકાર્પણ** અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્ત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા **લોકાર્પણ** હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિઃસંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષાણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંકલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

સ્પષ્ટતા : લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષાદ્વેષથી પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.

તંત્રી : ગૌરાંગ પંડ્યા

[M] 99099 69099

ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર : ભારે પવન સાથે વરસાદ



(પ્રતિનિધિ) ધાનેરા,

વાયુ વાવાઝોડાની અસર બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ જોવા મળી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોનો ઊભો પાક પણ ભારે પવનથી પડી જતા ખેડૂતો ના મોઢે આવેલો કોળિયો પણ છીનવાયો છે. ગુજરાતમાં વાયુ વાવાઝોડાને લઈ લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વાયુ વાવાઝોડાને ને લઇ તંત્ર પણ સજ્જ બન્યુ છે અને કોઈ જાનહાનિ માલાની કે નુકસાન ન થાય તે માટે તંત્ર કામે લાગી ગયું છે અને લોકોને પણ સાવચેતીના ભાગરૂપે સ્થળાંતર કરાવી રહ્યું છે ત્યારે ગઈકાલે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી અને દરિયાકિનારાઓ પણ તોફાની બન્યા હતા ત્યારે ગત મોડી રાત્રે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી ભારે પવન સાથે વરસાદ વરસતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા ભારે પવન અને વરસાદને લઇ વિજળી પણ ગુલ થઇ હતી અને સમગ્ર ધાનેરા શહેરમાં અંધારપટ છવાયો હતો તે બાદ ભારે વરસાદ વરસતા ધાનેરાના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોના ઉભા પાક પણ ભારે પવન ને લઈ પડી જવા પામ્યા હતા અને બાજરીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું હતું ત્યારે ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળતું જોવા મળ્યો હતો અને ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો હતો વાવાઝોડાની અસર ધાનેરામાં જોવા તો મળી હતી પરંતુ અત્યાર સુધી કોઈ જાનહાની કે નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

આપની આજ

મેષ(અ.લ.ઈ.)	:- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.
વૃષભ(બ.વ.ઉ.)	:- ઇન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.
મિથુન(ક.છ.ઘ.)	:- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઇચ્છા ફળવાની.
કર્ક(ડ.હ.)	:- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.
સિંહ(મ.ટ.)	:- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.
કન્યા(પ.ઠ.ણ.)	:- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.
તુલા(ર.ત.)	:- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.
વૃશ્ચિક(ન.ય.)	:- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.)	:- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
મકર(ખ.જ.)	:- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.
કુંભ(ગ.શ.સ.)	:- ભાગીદારી ધંધાની ઇચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
મીન(દ.ચ.ઝ.)	:- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

જન્મના એક જ મહિનામાં જોડિયા બાળકો અનાથ બનાવવાનો નર્મદાનો અજબ કિસ્સો!

(પ્રતિનિધિ) રાજપીપળા,

વિધિની વિચિત્રતા કહો કે કરુણતા કહો નર્મદાના અતિ અતિ પછાત વિસ્તાર ઉંડાણના દેડિયાપાડા તાલુકાના ખુરદી ગામે ૧ માસ અને ૧૦ દિવસના બે જોડિયા બાળકોની માતાનું મૃત્યુ થતા બંને માસૂમ બાળકો અનાથ બની ગયા હતા. પિતાનું એક વર્ષ પહેલાં જ મૃત્યુ થયું હતું જ્યારે તેની માતાએ જોડિયા બાળકોને જન્મ આપ્યા પછી ૧ માસ અને ૧૦ દિવસ પછી માતાનુ મૃત્યુ થયું હતું, માતાના મૃત્યુથી માતાની છત્રછાયા ગુમાવી દેનાર બંને બાળકો એક માસમાં જ અનાથ થઈ ગયા હતા માતાના ધવન વગર બાળકને ઉછેરવાનું લગભગ અશક્ય હતું. પરિવારમાં એક માત્ર ૭૦ વર્ષના દાદા હતા અને તે પણ ભરૂચ રહેતા હોય તે પણ શારીરિક રીતે સક્ષમ ન હોય તેની જવાબદારી લેવાની દાદાએ ના પાડી દેતા અનાથ બનેલા માસૂમ બાળકોના જીવનબાગમાં અંધકાર છવાઈ ગયો હતો. સૌપ્રથમ વડોદરા તપાસ કરતા ત્યાં હાઉસફૂલ થઈ ગયું હોવાથી બાળકોને રાખવાની ના પાડી દેવાતા રાજપીપળા ખાતે બાળ સુરક્ષા અધિકારી ચેતન પરમારનો સંપર્ક કરતાં તેમણે રૂબરૂ ખુરદે પહોંચી જાત તપાસ કરી ભરૂચ અનાથાલાયનો સંપર્ક કરી ખુરદી પહોંચી દાદા પાસે વાલી હક વારસાનો દાવો ભવિષ્યમાં કોઈ ન રાખે તેવું એફિડેવિટ કરાવી જરૂરી કાયદાકીય પ્રક્રિયા કરાવી, આ બંને બાળકોને ભરૂચ અનાથા અનાથાશ્રમમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ઈન્ડિયન લાયન્સ - સ્વર્ણિમ ગાંધીનગર : રાષ્ટ્રભાવનાને વરેલી અનોખી ક્લબ

(પ્રતિનિધિ) ગાંધીનગર,

આત્મ સન્માન અને રાષ્ટ્રભાવના મંત્ર સાથે મૂર્તિમંત્ર થયેલી ઈન્ડિયન લાયન્સ એના પ્રારંભ બાદ ૨૫ વર્ષના પડાવને સર કરે છે, ૧૯૯૫ના ૨જી જુલાઈના રોજ વડોદરામાં સ્થપાયેલી ઈન્ડિયન લાયન્સનો મંત્ર છે - 'સ્વદેશી ભી હૈ, રાષ્ટ્રવાદી ભી હૈ, ઈન્ડિયન લાયન્સ ઈસ મિટ્ટી કી હૈ।' ઈતિહાસ અનોખો છે અંદાજ દમદાર છે વડોદરાના ઈન્ડિયન લાયન્સના અગ્રણીએ વિદેશી નાગચૂડમાંથી બહાર નીકળીને સ્વદેશી રાહે - સમાજને રાષ્ટ્ર સેવાનો મોકલવા કર્યો. ઈ.લા. કૌશિકભાઈ બુમિયોએ સૌ પ્રથમ આ ઉપક્રમની આગેવાની લીધી રાષ્ટ્ર સ્વમાની સાથીઓમાં સેવાકાર્યની જયોતને એમણે જવલંત બનાવી. આત્મ વિશ્વાસ અનોખો હતો સૌને થયું આ વાતને ઉપાડી લેવી અને પછી 'કારવા' બનતા ગયા. મૂળ મજબૂત થયાં શાખાઓ મ્હોરી ઊઠી. હાલનો માહોલ, મંજિલ ભણી જવાના માર્ગ પર છે. 'ઈ.લા.' (ઈન્ડિયન લાયન્સ) નું હુલામણું નામ સંસ્થાનો ટ્રેડમાર્ક બની ગયું. આજના નેશનલ ચેરમેન ઈ.લા. હિતેષભાઈ પંડ્યા (PRO-CM Office) નું માર્ગદર્શન 'ઈલા' (ઈન્ડિયન લાયન્સ) ની સોળે કળાની ખીલવણી માટે નિમિત્ત બન્યું છે. ખુશીની વાત છે કે, ગુજરાતભરમાં ઈન્ડિયન લાયન્સ - ઈન્ડિયન લાયોનેસ અને હવે ઈન્ડિયન લિઓ કલબ કાર્યરત બની ગઈ છે અને ૭૫ થી વધુ કલબ. આવનારું વર્ષ રજત વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થાય છે. ત્યારે નેશનલ ફાઉન્ડેશન ડે (૨ જી જુલાઈએ) નેશનલ કોન્ફરન્સનું આયોજન ગાંધીનગર ખાતે થાય તેવી માહિતી નેશનલ કોન્ફરન્સ કન્વીનર ઈ.લા. અક્ષયભાઈ ઠક્કર તેમજ સ્વર્ણિમ ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ કલબના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ અને ઈ. લાયોનેશ પ્રમુખ ઈ. લાયોનેશ શિલ્પાબેન દેસાઈએ આપી છે. આ નેશનલ કોન્ફરન્સમાં ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના જ સભ્ય અને હાલના વાઈસ નેશનલ ચેરમેન ઈ. લાયન્સ આશાબેન હિતેષ પંડ્યા નેશનલ ચેરમેનનું પદગ્રહણ કરશે. ગુજરાતની ગૌરવનગરી ગાંધીનગરમાં જયારે આ અભિનવ અવસરોની ઉજવણી થવાની હોય ત્યારે ઈન્ડિયન લાયન્સના તમામ સભ્યોમાં ખુશીનો માહોલ સર્જાય એ સ્વાભાવિક છે. સેવાકાર્યના આ મહાયજ્ઞના વર્ષને રજત ફૂલડે વધાવવા સૌ આતુર છે ત્યારે વિગતવાર કાર્યક્રમ માટે ઈન્તેજાર કરીશું કે આ સંસ્થા તેના મૂળ ઉદ્દેશ્યો જેવા કે, સ્વચ્છ ભારત અભિયાન, સર્વશિક્ષા અભિયાન તથા સ્વાસ્થ્ય અભિયાનને પૂર્ણ ગતિએ પહોંચાડી નગરને સુંદર, સુસંસ્કૃત અને સ્વસ્થ રાખવા થનગની રહ્યું છે.

બેંક એકાઉન્ટ તથા અન્ય ડેટાબેઝ હેક કરતી નાઈઝિરિયન ગેંગ ઝડપાઇ

(પ્રતિનિધિ) અમદાવાદ,

લોકોના બેંક એકાઉન્ટ, મોબાઈલ તેમજ અન્ય ડેટાબેઝ હેક કરી છેતરપિંડી કરતી નાઈઝિરિયન ગેંગની અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે મુંબઈથી ધરપકડ કરી છે. લોકોના પડાવેલા રૂપિયા વિવિધ બિટકોઈન વોલેટમાં ટ્રાન્સફર કરતા હતા ત્યાંથી અન્ય બિટકોઈન વોલેટમાં ટ્રાન્સફર કરી વિદેશ મોકલવામાં આવતા હતા. ગુજરાતના ૧૧ સહિત ભારતના અલગ-અલગ રાજ્યમાંથી કુલ ૪૭૨૭ લોકો સાથે ૧ કરોડથી વધુની છેતરપિંડી આચરી છે. અમદાવાદના ડોક્ટર તેજસ શાહના નેટબેંકીગ સર્વિસનો પાસવર્ડ રીસેટ કરી બેક એકાઉન્ટમાંથી રૂપિયા ૨.૧૦ લાખનું કોઈ અજાણી વ્યક્તિએ ટ્રાન્ઝેક્શન કરી ઉપાડી લીધા હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. બાદમાં કેથોલીક સિરીયન બેંકમા તેજસ શાહના નામનું એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું. ૨૧ જૂન ૨૦૧૮નાં રોજ તેમના મોબાઈલમાં એક મેસેજ આવ્યો હતો જે ઈક્મટેક્ષ ડિપાર્ટમેન્ટમાંથી આવ્યો હોવાનું માની તે લિંક ક્લિક કરી જેમાં ઈક્મટેક્ષ વિભાગની વેબસાઈટ ઓપન થઈ હતી, જેમાં ફરિયાદીને રીફંડ ક્લેમ કરવા માટે પોતાના બેંક એકાઉન્ટની વિગત આપવાનું જણાવ્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં વીજળી પડતા વધુ ત્રણનાં મોત નીપજ્યાં

(પ્રતિનિધિ) સુરત,

'વાયુ' વાવાઝોડાનું ગુજરાત પરથી સંકટ ટળ્યું હોવાનું જાણવા મળ્યું છે. અને તેની સાથે ભારે પવન અને વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે ગત રોજથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી માહોલ છવાયો છે. અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. જેમાં વધુ ત્રણના વીજળી પડતા મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં ૬ના મોત નીપજયા છે. જયારે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારીમાં વરસાદ વરસ્યો હતો. ૧૩મી જૂને ગાંધીધામ - બાન્દ્રા ટર્મિનસ, બાન્દ્રા ટર્મિનસ - ગાંધીધામ એક્સપ્રેસ અને ભુજ - દાદર એક્સપ્રેસ તથા ૧૫મી જૂને દાદર - ભુજ એક્સપ્રેસ એમ ચાર ટ્રેનને રદ કરવામાં આવી છે. સોનગઢમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હોવાના જાણવા મળ્યું છે. ભારે પવન સાથેના વરસાદને કારણે બોરદા પંથકના ગામડાઓમાં છાપરા ઉડી જવાના અને વીજ થાંભલા તૂટી પડવાનું નોંધાયું છે. જયારે જૂની બાવલી ગામના માલુબહેન સુમનભાઈ કાથુડ (૪૫) રહે.જૂની બાવલી તા.સોનગઢ નામની મહિલા પર વીજળી પડતા મોત નીપજ્યું છે. ડાંગ જિલ્લામાં વીજળીના કડાકાભડાકા સાથે તોફાની પવન ફૂંકાતા અનેક ઘરો - વૃક્ષો, વીજપોલ ધરાશાયી થતા ગાઢવી ગામના માંગુભાઈ અવસુભાઈ ગાંવિતનો પાડો (ભેંસ) વીજપોલ તૂટી પડતા તેની ચપેટમાં આવી જતા મોત નીપજ્યું હતું, જયારે સુબીર તાલુકાના જામલ્યા ગામના મગનભાઈ વાઘમારે (ઉ.વ. ૫૦) પર આકાશી વીજળી પડતા તેમનું મોત નીપજ્યું હતું. વાપી નજીકના મોટી તંબાડીગામે દાજી ફળિયામાં રહેતા રાજેશ કિશનભાઈ વારલી અને તેમની પત્ની પ્રેમીલાબેન વરસાદ આવે એ પૂર્વે ઘરના છત ઉપર પ્લાસ્ટિક નાંખવા માટે ગયા હતા. જોકે, અચાનક જોરદાર પવનની સાથે વરસાદ તૂટી પડ્યો હતો અને કડાકા સાથે પડેલી વીજળી ૩૮ વર્ષીય પ્રેમીલાબેન ઉપર પડતા તેમનું ઘટના સ્થળ ઉપર જ મોત થયું હતું.

વીજ કરંટથી ચાર ગૌવંશના મોત

(પ્રતિનિધિ) વિસાવદર,

ગુજરાત માથે વાયુ વાવાઝોડાનું સંકટ ટળ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતના દરિયાકાંઠે વાયુ વાવાઝોડું નહીં ટકરાય. જોકે ગુજરાતના દરિયાકાંઠા ઉપર હજી પણ ખતરો મંડરાયેલો છે. વાવાઝોડાની અસરથી હજી સુધી કોઈ મોટી હોનારત થઈ નથી. જોકે, જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં વીજ કરંટ લાગતા ચાર ગૌવંશના મોત થયાની ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે વિસાવદરમાં કોર્ટ નજીક આવેલા ટ્રાન્શફર્મરમાંથી વીજ કરંટ લાગપસાર થતો હતો તે સમયે ત્રણ ગૌમાતા ટ્રાન્સફોર્મર નજીક આવી હતી. જેને અચાકન વીજ કરંટ લાગતા મોતને ભેટી હતી. જો ગાયત્રી પ્લોટ વિસ્તરામાં પણ એક ખુટનું વીજ કરંટ લાગવાથી મોત થયું હતું. ઘટનાની જાણ થતાં ગૌરક્ષક અને પીજીવીસીએલના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથધરી હતી. આ ઘટનામાં PGVCLની ઘોર બેદરકારી હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

દુષ્કર્મ આધારિત 'આર્ટિકલ-૧૫' ફિલ્મ પર પ્રતિબંધ લગાવવા બ્રહ્મસમાજની માંગણી

(પ્રતિનિધિ) વડોદરા,

ઉત્તરપ્રદેશના બર્દાયુ જિલ્લાના કટરા સઆદગંજ ગામ ખાતે બે બાળકીઓ પર ગેંગરેપ થયો હતો. આ ઘટના આધારિત આર્ટિકલ-૧૫ નામની ફિલ્મ બનાવવામાં આવી છે. જે ફિલ્મમાં બ્રાહ્મણોને બદનામ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ સાથે રાષ્ટ્રીય પરશુરામ સેનાની વડોદરા શાખાએ વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતું. રાષ્ટ્રીય પરશુરામ સેના અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના કિરીટ જોષી વિશાલ દવે અને સનત પંડ્યા સહિતના અગ્રણીઓએ વડોદરા જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આપવામાં આવેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે, ૨૭-૫-૦૧૪ના રોજ ઉત્તરપ્રદેશ રાજયના બર્દાયુ જિલ્લાના કટરા સઆદગંજ ગામ ખાતે બે બાળકીઓ ઉપર સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ ઘટના આધારિત આર્ટીકલ-૧૫ નામની હિંદી ફિલ્મ બનાવવામાં આવી છે. આ ફિલ્મના રીલીઝ થયેલા ટ્રેલરમાં બ્રાહ્મણ સમાજ દ્વારા દલિત યુવતીઓ પર બળાત્કાર જેવા અત્યાચાર ગુજારવામાં આવે છે. તેવું દર્શાવવામાં આવ્યું છે. જ્યારે વાસ્તવિક ઘટનામાં પીડિતા દલિત નહીં, પરંતુ, મૌર્ય જાતીની હતી. અને આરોપી જે સાબિત થયા છે. તેઓ બ્રાહણો નહીં, પરંતુ યાદવ હતા. વધુમાં આવેદન પત્રમાં જણાવાયું છે કે, ફિલ્મમાં વાસ્તવિકતાને બદલીને પીડિત દલિત અને આરોપી બ્રાહ્ણણ બતાવીને બ્રાહ્મણ સમાજને બદનામ કરવાનું કાવતરું છે. જેથી આગામી તા.૨૮-૬-૦૧૯ના રોજ રિલીઝ થનારી આર્ટિકલ-૧૫ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવા માંગણી કરવામાં આવી છે.

દારૂબંધી વચ્ચે પાટનગરમાંથી અધધ દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) ગાંધીનગર,

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે. રાજયભરમાં જોઈએ એટલો દારૂ દારૂડીયાઓને સરળતાથી મળી રહે છે. દારૂબંધીની વાતો વચ્ચે પાટનગરમાં ખુલ્લેઆમ દેશીદારૂના અીાઓ ધમધમી રહ્યા છે. તો બીજી તરફ વિદેશી દારૂ પણ છુટો છવાયો વેચાઈ રહ્યો છે ત્યારે પોલીસ જરૂર પડે ત્યારે માત્ર એક બે કેસ દેશી અને વિદેશી દારૂના કરીને કામ કર્યાનો સંતોષ માને છે. ત્યારે દારૂબંધીની કડક અમલવારી વચ્ચે પોલીસની ડ્રાઈવમાં પાટનગરમાંથી એટલો બધો દારૂ પકડાયો છે કે પોલીસ આંકડા આપતા પણ ખચકાટ અનુભવે છે. દારૂબંધીની વાતો વચ્ચે ડી.જી.પી.એ ડ્રાઈવ જાહેર કરી હતી અને સત્તાવાર રીતે સ્વીકાર્યું હતું કે દારૂબંધી તો માત્ર નામની જ રહી છે. તો બીજી બાજુ ગાંધીનગર પોલીસ ટીમે પણ ડીજીપીને બતાવવા માટે વિદેશી દારૂના ૧૧ અને દેશીદારૂના ૧૪૨ કેસ કર્યા છે. ત્યારબાદ પોલીસને મોડે મોડે જ્ઞાન થયું કે દારૂ બંધી કડક કાર્યવાહી સામે આટલો બધો દારૂ પકડાય એ તો ખરેખર તંત્રની નિષ્ફળતા કહેવાય. એટલે હવે પોલીસને કેટલો દારૂ પકડાયો છે તેનાઆંકડા જાહેર કરવા નથી. જિલ્લા પોલીસ તંત્રએ એક વિભાગથી બીજા વિભાગને આંકડા માટે આંગળી ચીંધી હતી. જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા બધી વિગતો સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે હોવાનું કહેવાય છે. તો શુ સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે જિલ્લા પોલીસની ડ્રાઈવના આંકડા નહી હોય.?!

સંક્ષિપ્ત સમાચાર

લાયન સફારી પાર્કમાં ટુંકી બીમારી બાદ સિંહણ મોતને ભેટી

દાનહના સ્થિત વાસોના લાયન સફારીની સિંહણ સોનલે અંતિમ શ્વાસ લીધો હતો. વાસોના લાયન સફારી ખાતે વૃદ્ધ અવસ્થાને કારણે જિંદગી સામે જંગ લડી રહેલી સિંહણ સોનેલ મોત સામે હારી જતા ફકત સફારીમાં જ નહીં પણ પ્રકૃતિપ્રેમી અને પ્રવાસીઓમાં ગમગીની છવાઈ ગઈ છે. સોનલે દેહ ત્યાગ કરિયાની જાણકારી સફારી અધિકારી વિજય પટેલે આપી હતી. સોનલનું પોસ્ટમોર્ટમ ડો. વિજય પરમારે કરી સોનલના નશ્વર દેહને વનવિભાગને સોંપતા સંપૂર્ણ વિધિ પૂર્વક સોનલના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતાં. ડો. વિજય પરમાર (પશુ ચિકિત્સક) ના જાણવ્યા અનુસાર સિંહણ સોનલની ઉંમર ૨૧ વર્ષ થઇ હતી. અને ગત ૧૯ મેથી તેની તબિયત ખરાબ હતી જેની ટ્રીટમેન્ટ ચાલતી હતી. છેલ્લા એક અઠવાડિયાથી સોનલે ખાવા પીવાનું બંધ કરી દીધું હતું.

ડાર અને છક્કડો રીક્ષા વચ્ચે અકસ્માત થતા ચાર ગંભીર રીતે ઘવાયા

તાલુકાના આસેડા પાસે ગુરુવારે બપોરે સ્વીફ્ટ ડિઝાયર કાર અને છકડો રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી.તમામ ઘાયલોને સારવાર માટે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.ડીસા ખાતે રહેતા પંચાલ સમાજનો પરિવાર આસેડા પાસે તેમના ફાર્મ હાઉસ ખાતે સ્વીફ્ટ ડિઝાયર કાર લઈને જઈ રહ્યો હતો. ત્યારે ડીસા આસેડા રોડ પર સામેથી પુર ઝડપે આવતા છકડો રિક્ષા અને કાર વચ્ચે ધડાકાભેર ટકરાતા ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી.બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.અને ચારે ઘાયલોને સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

એરપોર્ટ પર પેસેન્જરના અંડરવેરમાંથી ૫૭ તોલા પ્યોર સોનું મળ્યું

સુરત એરપોર્ટથી ફરી એક વખત સોનાની દાણચોરી પકડાઈ છે. આ વખતે દાણચોર અંડરવેરમાં ૫૭ તોલા પ્યોર સોનું લાવ્યો હતો. પરંતુ કસ્ટમ વિભાગના અધિકારીઓએ તરત જ ચેકિંગ સમયે તેને પકડી પાડ્યો હતો.અધિકારીએ જણાવ્યું હતું કે, શારજાહથી સુરત આવેલા એક પુરુષ મુસાફર પર શંકા જતાં તેનું કડક ચેકિંગ કરાયું હતું. સ્કેનીંગ મશીન પાસે લઈ જઈ તપાસ કરવામાં આવી હતી. દરમિયાન મુસાફરના જીન્સ અને અંડરવેરમાં કંઈક છુપાવ્યું હોવાનું બહાર આવતા અંગ ઝડપી લેવામાં આવી હતી. જેમાં મુસાફરના અંડરવેરમાંથી ૫૭૦ ગ્રામ પ્યોર સોનું મળી આવ્યું હતું. જેની હાલ બજાર કિંમત રૂા. ૧૯ લાખ છે.

જીઆઈડીસીમાં થયેલી ચોરી સીસીટીવીમાં કેદ

વડોદરા શહેરની મકરપુરા જીઆઈસીડી સ્થિત એબીબી કંપનીમાં રાત્રીના સમયે બે તસ્કરો ત્રાટક્યા હતા. અને આ તસ્કરો ૨૬ હજારથી વધુના પાર્ટસની ચોરી કરીને ફરાર થઇ ગયા હતા. પોલીસે સીસીટીવીની મદદથી ગણતરીના કલાકોમાં જ બે તસ્કરોને ઝડપી પાડ્યા છે. મકરપુરા સ્થિત એબીબી કંપનીમાં ત્રાટકેલા તસ્કરોએ શેડનું પતરૂ કાપી નાખ્યું હતું. ત્યારબાદ એક શખ્સ કંપનીની અંદર દાખલ થયો હતો, જયારે બીજો શખ્સ કંપનીની બહાર જ ઉભો રહ્યો હતો. કંપનીની અંદર ચોરી કરવા માટે ઘૂસેલો શખ્સ સતત ફોન પર વાત કરતો હતો. અને બહાર ઉભેલા શખ્સને કંપનીમાંથી એલ્યુમિનિયમના પાર્ટસ આપી દીધા હતા. અને બન્ને તસ્કર ૨૬ હજારથી વધુના પાર્ટસની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. એબીબી કંપનીના સત્તાધિશોએ ચોરીના મામલે માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધી હતી. કંપનીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઇ હતી. જેથી પોલીસે સીસીટીવીની મદદથી ચોરી કરતા કેદ થયેલા કમલેશ કાશીનાથ બલગુજર અને દિપક ઉર્ફે કાંગો રમણભાઇ ઠાકોરની ધરપકડ કરી લીધી હતી. પોલીસે બન્ને તસ્કરો પાસેથી ચોરી થયેલો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બન્ને સામે કાર્યવાહી હાથ ધરી હતી.

જનસેવા કેન્દ્રના હંગામી કર્મચારીઓ પગાર વધારાની માંગને લઇ હળતાળ પર ઉતર્યા

નર્મદા ભુવન સ્થિત જન સેવા કેન્દ્રના હંગામી કર્મચારીઓ પગાર વધારા સહિતના પ્રશ્નો હલ ન થતાં હડતાળ ઉપર ઉતરી ગયા હતા. અને તેઓની માંગણી પૂરી કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યું હતું. કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી જતાં જન સેવા કેન્દ્ર ખાતે વિવિધ કામ માટે આવેલા લોકોની લાંબી કતારો લાગી ગઇ હતી.વડોદરાની પ્રજાને એક જ સ્થળે તમામ પ્રકારની સુવિધા મળી રહે તે માટે નર્મદા ભવન ખાતે જન સેવા કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું છે. આ જનસેવા કેન્દ્રમાં હંગામી કર્મચારીઓ નોકરી કરે છે. હંગામી કર્મચારીઓ દ્વારા અવાર-નવાર જન સેવા કેન્દ્રના સંચાલકોને પગાર વધારા સહિતની માંગણી અંગે લેખિત તથા મૌખિક રજૂઆત કરવામાં આવી છે. પરંતુ કેન્દ્રના સંચાલકો દ્વારા કોઇ દાદ આપવામાં આવી ન હતી.દરમિયાન જન સેવા કેન્દ્રના હંગામી કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી ગયા હતા. અને કેન્દ્રના સંચાલકો સમક્ષ પોતાની માંગણીને લઇને દેખાવો કર્યા હતા. જેથી જનસેવા કેન્દ્રના કર્મચારીઓ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવ્યા હતા. અને પગાર વધારા સહિતના પ્રશ્નોની રજૂઆત સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. કર્મચારીઓએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી માંગણી પૂરી કરવામાં નહીં આવે, ત્યાં સુધી કર્મચારીઓ કામથી અલિપ્ત રહેશે.

આરટીઓ પોલીસની કાર્યવાહી સામે ઓટો-વાન ચાલકોએ રેલી યોજી

નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાની સાથે જ આરટીઓ અને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ નિયમોના ભંગના મુદ્દે સ્કૂલ વાન સહિતના વાહનોને જપ્ત કરવામાં આવ્યાં હતાં. કોઇ પણ પ્રકારની આગોતરી નોટિસ કે સૂચના કે સમય આપ્યા વિના આરટીઓ દ્વારા નિયમોનું પાલન કરવાનું બહાનું આગળ ધરીને સ્કૂલવાન જપ્ત કરવામાં આવતી હોવાના વિરોધમાં સ્કૂલવાન ચાલકોએ હડતાળ પાડી હતી. રિક્ષા ચાલકોએ રેલી યોજી હતી. આવેદનપત્ર વરસાદના કારણે ન આપી શકાતા કાલે આપવાનો નિર્ણય કરાયો છે. સાથે જ ઈન્ડોર સ્ટેડિયમની ગલીમાં એકઠા થયેલા રિક્ષા ચાલકોએ વચ્ચેનો રસ્તો કાઢવા માટે જણાવ્યું હતું. સ્કૂલની વર્ધીમાં ચાલતાં વિક્રમ કળસરીયાએ જણાવ્યું હતું કે, દરવર્ષે આ રીતે અમને ટાર્ગેટ કરાય છે. સાથે ૧૦ હજારથી લઈને ૨૦ હજારના મેમા આપી દેવામાં આવે છે અને ૨૧ દિવસે વાહન મુક્ત કરવામાં આવે છે.

હવે તમારા બધા મિત્રો અને પરિવાર માટે માત્ર રૂ. ૯૯૯ માં વોડાફોન સાથે પોસ્ટપેઈડ મેળવો

ભારતની અગ્રણી ટેલીકમ્યુનિકેશન્સ સર્વિસ પ્રોવાઈડર વોડાફોન આઈડિયા લિ. દ્વારા તેના વોડાફોન ગ્રાહકો માટે સમગ્ર પરિવારને ધ્યાનમાં રાખીને નવા પોસ્ટપેઈડ પ્લાનની ઘોષણા કરવામાં આવી હતી. આ નવા પોર્ટફોલિયો વોડાફોન રેડ ટુગેધર અંતર્ગત ગ્રાહકોને સમગ્ર પરિવારને માત્ર રૂ. ૯૯૯ પ્રતિ માસના એક જ પ્લાન અંતર્ગત પોસ્ટપેઈડ પર લાવી શકશે. નવો ૯૯૯ પ્લાન પાંચ કનેક્શન્સ સાથે મળે છે જેના કારણે પ્રતિ કનેક્શન માત્ર રૂ. ૨૦૦ ભાડું થાય છે. નવા પ્લાન સાથે વોડાફોન લાખો પરિવારો માટે મોટી બચતની તક આપે છે અને એક જ બિલમાં સમગ્ર પરિવારના મોબિલિટી કનેક્શન્સને મેનેજ કરી શકાશે. નવા પોસ્ટપેઈડ પ્લાન્સ અંગે વોડાફોન આઈડિયા લિમિટેડના ઓપરેશન્સ ડિરેક્ટર-માર્કેટિંગ અવનીશ ખોસલાએ કહ્યું હતું, 'અમે સતત અમારા ગ્રાહકોને સંબંધિત પ્રપોઝિશ્સ દ્વારા વેલ્યૂ આપવાના નવા માર્ગો શોધીએ છીએ. ગ્રાહકો હવે વર્લ્ડ ક્લાસ એન્ટરટેનમેન્ટ, ડિવાઈસ પ્રોટેક્શન અને એવી અનેક સુવિધા જેમકે અનલિમિટેડ કોલ્સ, રોમિંગ અને ડેટા ઓન વોડાફોન રેડ પ્રાપ્ત કરી શકે છે. નવા પ્લાન્સની રજૂઆત સાથે પોસ્ટપેઈડ માત્ર અનુકૂળતા અને સરળ જ નહી પણ સમગ્ર પરિવાર માટે ખૂબ જ ફાયદાકારક પણ બની રહેશે.' ગ્રાહકોને આનંદિત કરવાની કંપની વેલ્યુ સાથે, વોડાફોન દ્વારા વિવિધ લાભો અને ફ્રી ગિફ્ટ્સ તેના નવા લોન્ચ થયેલા પોસ્ટપેઈડ પ્લાન્સ પર આપવામાં આવે છે. આ લાભોમાં સામેલ છે :

- ૨૦૦ જીબી ડેટા, જેમાં ૩૦ જીબી દરેક પરિવારજન માટે ૫૦ જીબી રોલ ઓવર ફેસિલિટી સાથે અને પરિવારના મુખ્ય વ્યક્તિ માટે ૮૦ જીબી અને ૨૦૦ જીબી રોલઓવર સાથેની સુવિધા છે.
- નવી ફીલ્મો, શૉ, મ્યુઝિક ખરીદી પર ફ્રી અને ફાસ્ટ ડીલિવરી પર મેળવો કોઈપણ એક્સટ્રા કૉસ્ટ વગર એમેઝોન પ્રાઈમ જે ૧ વર્ષ માટે ઉપલબ્ધ છે.તમામ સભ્યો માટે ફ્રી વોડાફોન પ્લે કે જેના દ્વારા લાઈવ ટીવી અને પ્રિમિયમ કન્ટેન્ટ ઝીપ, સોની લાઈવ, શેમારૂ, હોઈચોઈ, સન એનએક્સટી અને અલ્ટ બાલાજીની પ્રિમિયમ કન્ટેન્ટ પ્રાપ્ત થશે.
- ફ્રી મોબાઈલ શિલ્ડ-મુખ્ય સભ્ય માટે ફિઝિકલ કે લિક્વિડ ડેમેજ થાય તો સ્માર્ટફોન પ્રોટેક્શન.

ટાટા સ્કાયે રૂમ ટીવી સર્વિસ લોન્ચ કરી

TATA sky

ભારતના અગ્રણી કન્ટેન્ટ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફોર્મ ટાટા સ્કાયે નવી રૂમ ટીવી સર્વિસ લોન્ચ કરી છે. આ નવી સર્વિસનો ઉદ્દેશ્ય સબસ્ક્રાઈબર્સને તેમના મલ્ટી ટીવી કનેક્શન્સ માટે પેક્સની પસંદગી કરવામાં મદદરૂપ બનવાનો છે, જે સરળ સ્ટેપ્સથી હાંસલ કરી શકાશે. આ નવી સર્વિસ દ્વારા ટાટા સ્કાય પરિવારના સભ્યોને ટેલર-મેડ પેક્સ અને તેમની અનુકૂળતા પ્રમાણે ઈન્સ્ટન્ટ પેક મોડિફિકેશન દ્વારા તેમના પસંદગીના મનોરંજન ઓફર કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.સબસ્ક્રાઈબર્સ સેકન્ડરી કનેક્શન્સ માટે તેમની પસંદગીની કન્ટેન્ટ સિલેક્ટ કરી શકે છે તથા સિલેક્ટ કરાયેલી કન્ટેન્ટ માટે જ ચૂકવણી કરવાની રહેશે. એક જ સબસ્ક્રાઈબર આઈડી હેઠળ ઘરમાં પ્રથમ કનેક્શનમાં પસંદ કરાયેલા બેઝ પેક કરતાં સેકન્ડરી કનેક્શન્સમાં વિવિધ ચેનલ્સ અને સર્વિસિસ હવેથી ઉપલબ્ધ બની શકશે.સબસ્ક્રાઈબર્સ્ .દ્વઅંઠ્ઠંઠ્ઠજાઅ.ર્ઠ્ઠ અથવા ટાટા સ્કાય મોબાઈ એપ દ્વારા રૂમ ટીવી સર્વિસનો લાભ લઈ શકશે.

હવે તાજમહેલમાં ત્રણ કલાકથી વધુ સમય સુધી રોકાશો તો ચૂકવવી પડશે વધુ રકમ



આગરા, પ્રેમનું પ્રતીક ગણાતા તાજમહેલને જોવા જવાનું હવે વધુ મોંઘું થઈ ગયું છે. ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા તાજમહેલ નિહાળવા માટેની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત તેમાં પ્રવેશ માટેની પદ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ અગાઉ ડિસેમ્બર-૨૦૧૮માં મુખ્ય કબર જોવા માટે વધારાના રૂ.૨૦૦ની ટિકિટ ખરીદવાનો દર પણ લાગુ કરાયો હતો. તાજમહેલમાં પ્રવેશ માટે નવો 'ટર્ન સ્ટાઈલ ગેટ' બનાવવામાં આવ્યો છે. આ ગેટ તાજમહેલના પૂર્વ અને પશ્ચિમ પ્રવેશદ્વાર પર ઊભા કરાયા છે. નવી વ્યવસ્થા મુજબ હવે પ્રવાસીઓને ટિકિટ સ્કેન કર્યા પછી જ તાજમહેલમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. સાથે જ હવે થોડા સમયમાં પ્રવાસીઓને તાજમહેલમાં પ્રવેશ માટે એક મેગ્નેટિક કોઈન(સિક્કો) પણ આપવામાં આવશે. આ કોઈન સાથે પ્રવેશ કરનારા પ્રવાસીને તાજમહેલમાં ત્રણ કલાક સુધી રોકાવા દેવાશે. જો કોઈ પ્રવાસી તાજમહેલમાં ત્રણ કલાક કરતાં વધુ સમય પસાર કરે છો તો તેણે તેના માટે વધારાનો ચાર્જ ચૂકવવાનો રહેશે. પ્રવાસીએ આ માટે તેની પાસેના કોઈનને રિચાર્જ કરાવાનો રહેશે. જેના માટે તાજ પરિસરમાં રોયલ ગેટની નજીક કાઉન્ટર લગાવવામાં આવશે. આ અગાઉ મુલાકાતીઓને તાજમહેલ ખુલ્યા પછી તેને બંધ કરવાનો સમય થાય ત્યાં સુધી રોકાવા દેવામાં આવતા હતા. પુરાતત્વ ખાતાના અધિકારીઓએ જણાવ્યું કે, સિક્કાની વ્યવસ્થા લાગુ કરતા પહેલા કેટલાક ફેરફાર કરવામાં આી રહ્યા છે. ત્યાર પછી જ પ્રવાસીને સિક્કા આપવામાં આવશે.

સ્વિસ-ઈન્ડિયા દ્વારા સ્પોર્ટસવેર બ્રાન્ડ ટ્રુરેવો સાથે સહયોગ સાથે ભારતીય માર્કેટમાં ભવ્ય પ્રવેશ

આગામી સ્વિસ ઈન્ડિયા કોલોબરેટેડ સ્પોર્ટ્સવેર બ્રાન્ડ ટ્રુરેવો દ્વારા ભારતીય માર્કેટમાં તેના ભવ્ય પ્રવેશની ઘોષણા આજે કરવામાં આવી હતી. ટ્રુરેવો તેનું મુખ્યાલય અમદાવાદ રાખશે અને તે હાઈલી ફંક્શનલ અને પર્ફોર્મન્સ ઓરિએન્ટેડ તમામ પુરૂષો અને સ્ત્રીઓ તેમના માટે સ્પોર્ટ્સ એપેરલ્સનું વેચાણ કરશે. આ બ્રાન્ડના ફંક્શનલ સ્પોર્ટ્સવેર ૫૬ થી વધુ દેશોમાં ગ્રાહકો દ્વારા પહેરવામાં આવે છે. જેમાં યુએસએ અને યુરોપના હજારો અત્યંત ખુશ ગ્રાહકો પણ છે. રેવો ઈન્ટરનેશનલના સ્થાપક રોહન શાહે કહ્યું હતું, 'અમને અમદાવાદથી અમારા લોન્ચની ઘોષણા કરવાનું ગૌરવ છે. આ વૈશ્વિક રીતે પ્રખ્યાત હેરિટેજ સિટી અમારા માટે આપોઆપ જ પસંદગીનું સ્થળ બન્યું હતું. જેમાં અમે માનીએ છીએ કે શહેરના લોકો તેમના સ્વાસ્થ્ય અને ફિટનેસ માટે ખૂબ કાળજી લે છે અને તેઓ અમારી બ્રાન્ડને પ્રોત્સાહિત કરશે. આ બ્રાન્ડ વિશ્વભરમાં છેલ્લા ૪ વર્ષથી ઓનલાઈન વેચાણ કરે છે અને તે ટોપ-૫૦ આગામી એવી વિશ્વની બ્રાન્ડ્સમાં આઈએસપીઓ મ્યુનિક ૨૦૧૮ દ્વારા તેની ઈનોવેટિવ પેટેન્ટેડ સ્માર્ટ ફોન પોકેટ સિસ્ટમ માટે પસંદ થઈ હતી અને તેને અનેક ડિઝાઈન એવોર્ડ્સ પણ પ્રાપ્ત થયા છે. અમારી બ્રાન્ડ ર સફળ કિકસ્ટાર્ટર કેમ્પેઈન્સ પણ ચલાવે છે જેને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી છે અને તે વિશ્વના સેંકડો મીડિયા પબ્લિકેશન્સમાં પણ ચમકી છે.' ટ્રુ રેવોની તમામ પ્રોડક્ટ્સ યુઝરની સક્રિય લાઈફસ્ટાઈલમાં આરામદાયકતા અને સુગમતાનો ઉમેરો કરે છે અને તે પર્ફોર્મન્સ ફેબ્રિક્સ અને રો મટિરિયલથી નિર્મિત છે. ફોન પોકેટ્સ સહિતના શોર્ટ્સ, સ્ત્રીઓ માટે યોગા ટી-શર્ટ કે જેમાં રાઈડ ડ્રોસ્ટ્રીંગ નથી તેમજ વેઈસ્ટ ગોલ્ફ પેન્ટ્સ ટી હોલિંડગ લૂપ્સ વગેરે સાથે કંપની સફળતાપૂર્વક ટ્રુ રિવોલ્યુશન સ્પોર્ટસ અને ફિટનેસ ફંકશનાલિટી લાવે છે. હાલમાં, ટ્રુરેવો ઓનલાઈન એક માત્ર બ્રાન્ડ છે પણ હવે તે અમદાવાદમાં તેનો ભારતમાંનો ફ્લેગશીપ સ્ટોર લોન્ચ કરી રહી છે અને આ બ્રાન્ડ તેની ખરી સફર શરૂ કરી રહી છે. જેની યોજના ભારતભરમાં આક્રમક વિસ્તરણ અને રિટેલ સ્ટોર્સ શરૂ કરવાની છે.

કેનને નવા હાઈ-સ્પીડ ઈંકટેન્ક પ્રિન્ટર્સ સાથે ફ્લેગશીપ પિક્સમા જી-સિરિઝ પોર્ટફોલિયો વિસ્તાર્યો

ઈંક ટેન્ક કેટેગરીમાં પોતાનું નેતૃત્વ જાળવી રાખતાં અગ્રણી ડિજિટલ ઈમેજિંગ કંપની પૈકીની એક કેનન ઈન્ડિયાએ આજે આઈકોનિક પિક્સમા જી સિરિઝ લાઈન-અપમાં મોનોક્રોમ ઈંક ટેન્ક પ્રિન્ટર પિક્સમા જીએમર૦૭૦ તથા કલરઈંક ટેન્ક પ્રિન્ટર્સના બે વેરિઈન્ટ્સ પિક્સમા જી૬૦૭૦, પિક્સમા જી૫૦૭૦ માં નવી કેટેગરી લોન્ચ કરીને પિક્સમા જી સિરિઝનું વિસ્તરણ કર્યું છે. પિક્સમા જી ૬૦૭૦ મલ્ટી-ફંક્શન પ્રિન્ટર છે, જેનો ઉપયોગ યુઝર્સ કોપિયર અને સ્કેનર માટે કરી શકે છે, જ્યારે કે પિક્સમા જી૫૦૭૦ અને પિક્સમા જીએમર૦૭૦ સિંગલ ફંક્શન પ્રિન્ટર છે. આ નવી લાઈન-અપમાં લોકપ્રિય ઈન્ટિગ્રેટેડ ઈંક ટેન્ક ડિઝાઈન, ઓટોમેટિક ટુ-સાઈડેડ પ્રિન્ટિંગ, લાર્જ પેપર ફીડીંગ કેપેસિટિ, ફુલ નેટવર્ક કમ્પેબિલિટી સહિતની વિશેષતાઓ સામેલ છે, જેથી હાઈ પ્રિન્ટ વોલ્યુમ ધરાવતા ગ્રાહકો માટે તે આદર્શ છે. ખર્ચ કાર્યક્ષમ અને વિશ્વસનીય ઈંક ટેન્ક ટેક્નોલોજી માટે ગ્રાહકો અને કારોબારીઓની સતત વધતી માગને ધ્યાનમાં લઈને નવા મોડલ એવી રીતે ડિઝાઈન કરાયા છે જેથી મોનો લેસર પ્રિન્ટર્સની સરખામણીમાં બિઝનેસ પ્રિન્ટિંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય. યુનિટ દીઠ અંદાજે ૮૦ પૈસાના અત્યંત નીચા પ્રિન્ટિંગ ખર્ચ સાથે નવી જી સિરિઝ પ્રિન્ટર્સ પ્રિન્ટિંગ ખર્ચમાં લગભગ ૯૦ ટકાનો ઘટાડો કરે છે, જેની સામે મોનો લેસર પ્રિન્ટર્સમાં ઓરિજનલ ટોનર્સ સાથે યુનિટ દીઠ અંદાજે રૂ. ૨ નો ખર્ચ થાય છે. આ ઉપરાંત કેનને પિક્સમા જી સિરિઝ લાઈન-અપમાં ઈકોનોમી મોડને પણ સામેલ કર્યો છે, જેથી ગ્રાહકો સિંગલ બ્લેક રિફિલ સાથે ૮૩૦૦ પેજ પ્રિન્ટ કરી શકે છે, જેની સામે મોટાભાગના સ્પર્ધકો ૬૦૦૦ બ્લેક પેજનું આઉટપુટ ઓફર કરે છે. આનાથી ગ્રાહકોને વારંવાર ટોનર્સ બદલવું પડશે નહી અને તેમને ઓછા ખર્ચ સાથે કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો કરવામાં મદદ મળી રહેશે. આ બાબત કોઈપણ સંસ્થા માટે લાભદાયી બની રહેશે. નવા પિક્સમા જી૬૦૭૦, પિક્સમા જી૫૦૭૦ અને પિક્સમા જીએમર૦૭૦ અનુક્રમે રૂ. ૨૧,૪૯૯, રૂ. ૧૭,૩૯૯ અને રૂ. ૧૪,૨૯૯ ની સ્પર્ધાત્મક કિંમતે ઉપલબ્ધ આ પ્રસંગે કેનન ઈન્કના એક્ઝિક્યુટિવ ઓફિસર તથા કન્ઝ્યુમર ઈંકજેટ ગ્રુપના ગ્રુપ એક્ઝિક્યુટિવ તામાકી હાશીમોટોએ જણાવ્યું હતું કે, કેનને ભારતમાં ઈંકજેટ બિઝનેસમાં ઝડપી વૃદ્ધિ જોઈ છે તેમજ વિસ્તરણ માટે ભારત અમારા માટે પ્રાથમિકતા રહ્યું છે. ભારતમાં અમારા બિઝનેસની આવકો અમને અમારી નવી પ્રોડક્ટ્સને રજૂ કરવા માટે વ્યાપક તકો આપે છે. ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યતા સાથે પ્રિન્ટ એપ્લીકેશન પણ વૈવિધ્યસભર છે. ભારતમાં અમારો ઈંક ટેન્ક બિઝનેસ હોમ અને ઓફિસ કસ્ટમર્સનું શ્રેષ્ઠ મિશ્રણ છે, જે અમને બીરસી અને બીરબી સેગમેન્ટ વચ્ચે સંતુલિત ધ્યાન આપવા માટેની તક આપે છે. આ લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે ઉમેર્યું હતું કે, અમારી જી-સિરિઝ અંગે વૈશ્વિક સ્તરે બેજોડ પ્રતિસાદ મેળવ્યાં બાદ અમે ઈંક ટેન્ક પ્રિન્ટર્સમાં નવા લોન્ચ સાથે પોર્ટફોલિયોનું વિસ્તરણ કરતાં ખુશી અનુભવીએ છીએ. ભારતમાં આ લોન્ચનો હિસ્સો બનતા હું આનંદ અનુભવું છું કે જે માર્કેટમાં અમારી વૃદ્ધિને બળ આપશે. આ સિદ્ધિ અંગે વાત કરતાં કેનન ઈન્ડિયાના પ્રેસિડેન્ટ અને સીઈઓ કાઝાતુડા કોબ્યાશીએ જણાવ્યું હતું કે, કેનન ઈન્ડિયા ખાતે અમે ઈનોવેશન અને સર્વિસને સાંકળીને ગ્રાહકોના સંતોષમાં વધારો કરવા માટે હંમેશા પ્રયત્નશીલ રહીએ છીએ. ઈંક ટેન્ક કેટેગરીમાં પ્રવેશ કરવો અમારા બિઝનેસ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ છે, જેનાથી ઈંકજેટ કેટેગરીમાં અમારા બજાર હિસ્સામાં સ્થિત વૃદ્ધિને બળ મળશે. આ ઉપરાંત ભારતમાં કન્ઝ્યુમર સિસ્ટમ પ્રોડક્ટ્સ બિઝનેસ ડિવિઝન પણ બિઝનેસમાં સૌથી વધુ યોગદાન આપતો વિભાગ બન્યો છે. અમે સફળતા સાથે મજબૂત વૃદ્ધિ સાધી રહ્યાં છીએ અને અમારી પિક્સમા જી-સિરિઝમાં નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરતાં ગર્વ અનુભવીએ છીએ. ભાવિ યોજનાઓ અંગે વાત કરતાં કોબ્યાશીએ જણાવ્યું હતું કે, મને આશા છે કે આ નવા લોન્ચ ભારતમાં અમારી ઉપસ્થિતિને વધુ મજબૂત કરશે તેમજ ઈંક ટેન્ક કેટેગરીમાં અમારા બજાર હિસ્સામાં ૨૫ ટકાનો વધારો કરશે. આ પહેલ સાથે અમારું માનવું છે કે અમારી નવી પ્રોડક્ટ રેન્જ ગ્રાહકોને બેજોડ અનુભવ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને પરિપૂર્ણ કરશે તથા અમારા બિઝનેસમાં બે આંકડાની વૃદ્ધિ હાંસલ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની રહેશે. આ લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતાં કેનન ઈન્ડિયાના કન્ઝ્યુમર ઈમેજિંગ એન્ડ ઈન્ફર્મેશન સેન્ટરના વાઈસ પ્રેસિડેન્ટ એડ્રી ઉડાગ્વાએ જણાવ્યું હતું કે, નવી ટેક્નોલોજીની સ્વિકૃતતા અને ઈન્ટરનેટના વપરાશમાં વધારા સાથે અમે હોમ અને બિઝનેસ બંન્ને સેગમેન્ટમાં ગ્રાહકોની પ્રિન્ટ સંબંધિત જરૂરિયાતોમાં નોંધપાત્ર પરિવર્તન જોયું છે. ઈમેજિંગ ઈન્ડસ્ટ્રીમાં અગ્રેસર હોવા તરીકે ગ્રાહકોની ઉભરતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નવી પ્રોડક્ટ્સ રજૂ કરવાની અમારી જવાબદારી છે, જેથી તેઓ આજના કનેક્ટેડ વર્લ્ડ સાથે તાલ મીલાવી શકે. આ પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા અમે અમારી ફ્લેગશીપ પિક્સમા જી સિરિઝમાં નવા ઉમેરાની જાહેરાત કરતાં ખુશી અનુભવીએ છીએ, જેથ અદ્યતન ટેક્નોલોજી અને યુઝર-ફ્રેન્ડલી વિશેષતાઓથી સજ્જ છે. આ નવા ઉમેરા સાથે કેનન વિશાળ પોર્ટફોલિયો ઓફર કરીને ઈંક ટેન્ક કેટેગરીમાં વૃદ્ધિને બળ આપી શકશે. આ પ્રસંગે કેનન ઈન્ડિયાના કન્ઝ્યુમર સિસ્ટમ્સ પ્રોડક્ટ્સ (સીએસપી) ના ડિરેક્ટર સી સુકુમારને જણાવ્યું હતું કે, કેનન ખાતે અમે દેશમાં પ્રિન્ટિંગ કલ્ચરની વૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છીએ અને ગ્રાહકોને પ્રિન્ટિંગનો સારો અનુભવ હાંસલ કરવા માટે સક્ષમ બનાવવા માટે કટીબદ્ધ છીએ. ઉભરતી ટેક્નોલોજી સાથે અમે બેસ્ટ-ઈન-ક્લાસ પ્રિન્ટિંગ સોલ્યુશનની સુવિધા ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાવવા માટે સજ્જ છીએ. પિક્સમા જી-સિરિઝ પોર્ટફોલિયોનું વિસ્તરણ ગ્રાહકોને ઈનોવેટિવ, ખર્ચ કાર્યક્ષમ અને પ્રોડક્ટિવ સોલ્યુશન્સથી સજ્જ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. નવા યુઝર-ફ્રેન્ડલી ફીચર્સ અને નવી ડિઝાઈન સાથે આ પ્રિન્ટર્સ નેક્સ્ટ લેવલ મોર્ડન ટેક્નોલોજી અને ખર્ચ કાર્યક્ષમતાનું શ્રેષ્ઠ મિશ્રણ છે, જે ગ્રાહકોને સંતોષ આપશે.

ફિલ્મ મેકર

મેઇનસ્ટ્રીમ શબ્દ ગંદડો બની ગયો છે: આયુષમાન ખુરાના

બિનપરંપરાગત વિષયોની ફિલ્મો દ્વારા એ લિસ્ટના કલાકારોની યાદીમાં સ્થાન મેળવનારા અભિનેતા આયુષમાન ખુરાનાએ કહ્યું હતું કે મેઇનસ્ટ્રીમ શબ્દ ગંદડો બની ગયો છે. મેઇનસ્ટ્રીમ સિનેમા અને પેરેલલ સિનેમાં એ શબ્દો ખોટા છે. 'પૈસા ખર્ચીને ફિલ્મ જોવા આવતા સરેરાશ દર્શકને ગમે એ સફળ સિનેમા કહેવાય. બાકી મેઇનસ્ટ્રીમ શબ્દ ગંદો બની ગયો છે. મેઇનસ્ટ્રીમ જેવું કશું નથી. કહેવાતી મેઇનસ્ટ્રીમ ફિલ્મ કરોડોના ખર્ચ અને સુપરસ્ટાર હોવા છતાં બોક્સ ઑફિસ પર કશું ઉકાળી ન શકે એવું આપણે સૌએ જોયું છે. એટલે હું કહું છું કે મેઇનસ્ટ્રીમ શબ્દ નકામો છે. આ શબ્દ ગંદડો બની ચૂક્યો છે. 'આપણે જે અર્થમાં મેઇનસ્ટ્રીમ શબ્દ વાપરીએ છીએ એ ભેદભાવ યુક્ત અને વાહિયાત છે. દરેક ફિલ્મનો પોતાનો એક દર્શક હોય છે. દરેક ફિલ્મનું ભાવિ નિશ્ચિત હોય છે. આ એક સુંદર કલા છે અને નાના મોટા સૌને આકર્ષે છે. ફિલ્મ કેવી છે એ દરેક દર્શક પોતાની આગવી સૂઝથી પિછાણી લે છે. ટોચના ગણાતા ફિલ્મ સર્જકો કે અદાકારો ઘણીવાર દર્શકના મનને સમજવામાં નિષ્ફળ નીવડે છે' એમ આયુષમાને કહ્યું હતું.

આમિર ખાનની પુત્રી ઇરાએ કર્યો એકરાર: 'સંગીતકાર સાથે મારૂ અફેર'

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ અભિનેતા ફિલ્મ સર્જક આમિર ખાનની પહેલા લગ્નથી થયેલી પુત્રી ઇરા ખાને સંગીતકાર મિશાલ કૃપાલાણી સાથે પોતે અફેરમાં હોવાનો જાહેરમાં એકરાર કર્યો હતો. છેલ્લા થોડા સમયથી આ બંનેની કેટલીક ઇન્ટિમેટ તસવીરો સોશ્યલ મિડિયા પર ફરતી થઇ હતી. ખુદ આમિર ખાને આ તસવીરો જોઇ હતી અને કૉફી વીથ કરણમાં મહેમાન તરીકે આવેલા આમિર ખાને કહ્યું હતું કે મારાં બાળકો ફિલ્મ ઉદ્યોગમાં જોડાવા થનગની રહ્યાં છે. જુનૈદને અભિનેતા બનવું છે અને ઇરાને ફિલ્મ સર્જનમાં રસ છે. ઇરા અને મિશાલ બંને એકબીજાની સાથેની તસવીરો સોશ્યલ મિડિયા પર શેર કરતા રહે છે. ઇરાએ સોશ્યલ મિડિયા પર મૂકેલી એક વિડિયો ક્લીપમાં મિશાલ ગીત ગાતો સંભળાયો હતો. ઇરાના બર્થ ડે પર મિસાલે એક પોસ્ટ મૂકી હતી જેમાં ઇરાને બર્થ ડે વીશ કરતાં લખેલું કે તમે ખૂબ સાદાં છો. માત્ર બર્થ ડે પોસ્ટથી ખુશ ઝઇ જાઓ છો. આમિર ખાનના આ અફેર વિશેના પ્રતિભાવ જાણી શકાયાં નહોતાં.

શાહિદ કપૂર અને મીરા રાજપૂતે પણ 'સર્વા' યોગ અને વેલનેસ સ્ટાર્ટઅપમાં રોકાણ કર્યું

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક્ટર્સ એક્ટિંગની સાથે બિઝનેસ પર પણ હાથ અજમાવતા રહે છે. થોડા સમય પહેલાં જ મલાઈકા અરોરાએ એક યોગ અને વેલનેસ સ્ટાર્ટઅપ 'સર્વા'માં રોકાણ કર્યું હતું. ત્યારબાદ હવે આ જ સ્ટાર્ટઅપમાં બોલિવૂડ કપલ શાહિદ કપૂર અને મીરા રાજપૂતે પણ રોકાણ કર્યું છે. આ સ્ટાર્ટઅપની શરૂઆત સર્વેશ શશીએ કરી હતી. તે હાલ આ સ્ટાર્ટઅપના સીઈઓ પણ છે. આ સ્ટાર્ટઅપમાં મલાઈકા, શાહિદ, મીરાની સાથે હોલિવૂડ એક્ટ્રેસ જેનિફર લોપેઝ અને અમેરિકન બેઝબોલ પ્લેયર અલેક્સ રોડ્રિગ્સે પણ રોકાણ કર્યું છે. મીરા રાજપૂતે સર્વાનો ફોટો ઇન્સ્ટાગ્રામ પર શેર કરતાં લખ્યું કે, '૭ બિલિયન લોકોને એકસાથે જોડી રહ્યા છીએ.' ઉપરાંત મીરાંએ જણાવ્યું હતું કે, 'હું છેલ્લા ઘણા વર્ષથી વિચારી રહી હતી કે કોઈ એવા આઈડિયા કે વેન્ચરને સપોર્ટ કરું જેની સાથે હું પેશનેટલી જોડાયેલી હોવ. સર્વેશ સાથે એમ જ મુલાકાત થઇ અને તરત જ એવી વાતચીત થઇ

ડરથી ભયભીત પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIએ કાશ્મીરમાં નવું અલગાવવાદી ગ્રુપ બનાવ્યુ

(એજન્સી) ન્યુ દિલ્હી,

ગૃહ મંત્રાલયના સૂત્રો દ્વારા એક મહત્વની જાણકારી મળી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની કાર્યવાહીથી ગભરાઈને પાકિસ્તાની ગુપ્તચર એજન્સીજૈંએ જમ્મુ કાશ્મીરમાં નવું અલગાવવાદી ગૃપ બનાવ્યું છે. પાકિસ્તાનએ કાશ્મીરના અમુક અલગાવવાદિઓની મદદથી છુપાવીને આ ગ્રુપની કચના કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા ગ્રુપનો પ્રેસિડેન્ટ ઈરશાદ અહમદ માલિક છે. જેના વિશે કહેવામાં આવે છે કે તે લશ્કરનો આતંકી રહી ચુક્યો છે. આ નવા ગ્રુપમાં લશ્કરના આતંકીઓને પણ શામેલ કરવામાં આવ્યા છે. આ ગ્રુપને કાશ્મીરની સાથે-સાથે જમ્મુમાં સેના અને સુરક્ષાબળો વિરૂદ્ધ મોટા પ્રદર્શનની જવાબદારી આપવામાં આવી છે. ગૃહ મંત્રીનું પદ સંભાળ્યા બાદથી જ અમિત શાહ એક્શન મોડમાં છે. જમ્મુ-કાશ્મીર પર તેમનો ખાસ ફોકસ છે. થોડા દિવસો અગાઉ સુરક્ષાદળો અને રાજયપાલ સત્યપાલ મલિક સાથે તેમણે મુલાકાત કરી હતી. ગૃહમંત્રી અમિત શાહએ સ્પષ્ટ કરી દીધુ હતુ કે આતંકીઓ વિરૂદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ રહેશે. આ વર્ષે સેનાએ જમ્મુ-કાશ્મીરમાં ઓપરેશન ઓલ આઉટ ચલાવ્યું છે. આ વર્ષે ૧૦૦થી વધુ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. જેમાં મોટાભાગે લશ્કર-એ-તૈયબા અને હિજબુલ મુઝાહિદીનના આતંકવાદીઓનો સમાવેશ થાય છે. થોડા દિવસો અગાઉ સુરક્ષાબળોએ ઝાકિર મૂસાને પણ ઠાર કર્યો હતો. તે આતંકવાદીઓનો પોસ્ટર બોય હતો.

નકલી માલ પધરાવી દેનાર કંપનીઓ સાવધાન: ગ્રાહક સુરક્ષા ખરડા પર મહોર વાગશે

(એજન્સી) ન્યુ દિલ્હી,

ગ્રાહક સંરક્ષણ ખરડા ઉપર સંસદીય સત્ર દરમિયાન રાજ્યસભામાં મહોર લાગી જાય તેવી સંભાવના છે. આ હેઠળ ઈ-કોમર્સ કંપનીઓને ગ્રાહકો સાથે જોડાયેલી જાણકારીનો ઉપયોગ કરતાં પહેલાં તેમની સહમતિ લેવી જરી હોવા સહિતની જોગવાઈઓ સમાવિષ્ટ હશે. મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે રાજ્યસભાની કાર્યયાદીમાં ગ્રાહક સંરક્ષણ ખરડાને પણ સામેલ કરવામાં આવ્યો છે. ૧૭ જૂનથી શરુ થનારા સંસદીય સત્રમાં ખરડાને મંજૂરી મળે તેવી સંભાવના છે. ખરડાના પસાર થયા બાદ ગ્રાહકોને ખરાબ સામાન વેચવા માટે અદાલતના ચક્કર કાપવા નહીં પડે અને તેઓ આ અંગેની ફરિયાદ ઓનલાઈન જ કરી શકશે.

જયપુરમાં સ્પાઇસ જેટની ફ્લાઇટનું ટાયર ફાટતાં ઇમરજન્સિ લેન્ડિંગ કરાયું

(એજન્સી) જયપુર,

જયપુર એરપોર્ટ પર બુધવારે સવારે સ્પાઈસ જેટની દબુઈથી જયપુર જઈ રહેલી ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જી૮-૫૮ નંબરની આ ફ્લાઈટમાં ૧૮૯ મુસાફર હતા અને તમામને સુલામત બહાર કાઢી લેવાયા હતા. એવું કહેવાય છે કે, વિમાનનું ટાયર ફાટી જવાના કારણે સવારે ૯.૦૩ કલાકે જયપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. મીડિયા રોપોર્ટ્સ અનુસાર જયપુર એરપોર્ટ પર બુધવારે સતત ચોથા દિવસે ચાર ફ્લાઈટ રદ્દ કરવામાં આવી છે. આમ, છેલ્લા ચાર દિવસમાં કુલ ૧૬ ફ્લાઈટ રદ્દ કરવામાં આવી ચૂકી છે. સૂત્રોના અનુસાર એરલાઈન્સ પાસે છેલ્લા કેટલાક દિવસથી ક્રૂ મેમ્બર્સની અછત છે. આ કારણે એરલાઈન્સને છેલ્લા ઘણા દિવસથી જૂદા-જુદા રૂટ પર ચાલતી ફ્લાઈટને અચાનક રદ્દ કરવાની ફરજ પડી રહી છે.

૨૦૨૧માં ઓસ્કાર એવોર્ડ સમારોહ થોડો મોડો થશે

(એજન્સી) લોસ એન્જલ્સ,

વિશ્વવિખ્યાત ઓસ્કાર એવોર્ડ એનાયત કરતી ધી એકેડેમી ઑફ મોશન પિક્ચર્સ આર્ટસ્ એન્ડ સાયન્સીઝે કરેલી જાહેરાત મુજબ ૨૦૨૧માં ઓસ્કાર એવોર્ડ સમારોહ નિયત કરેલી તારીખો કરતાં થોડો મોડો યોજાશે. આયોજકોએ કહ્યું હતું કે ૨૦૨૧માં ઓસિમ્પિક્સ રમતોત્સવ, સુપર બૉલ અને અન્ય ઈવેન્ટ્સ યોજાવાના છે એટલે એ બધાંની સાથે ક્લેશ ટાળવા માટે ઓસ્કાર એવોર્ડ સમારોહ મોડો યોજાશે. આવતા વરસે ૨૦૨૦માં ફેબ્રુઆરીની નવમીએ ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાશે પરંતુ ત્યારપછીના વરસે એટલે કે ૨૦૨૧માં ઓસ્કાર એવોર્ડ સમારોહ ફેબ્રુઆરીની ૨૮મીએ અને ૨૦૨૨માં ફેબ્રુઆરીની ૨૭મીએ યોજાશે જેથી અન્ય ઈન્ટરનેશનલ ઈવેન્ટ્સ સાથે ક્લેશ ટાળી શકાય. યોગાનુયોગે આ બંને તારીખોએ મહિનાનો છેલ્લો રવિવાર છે એટલે સેલેબ્રિટિઝ મોટી સંખ્યામાં હાજરી આપી શકશે. દર વરસે યોજાતા આ એવોર્ડ સમારોહનું જીવંત પ્રસારણ ૨૨૫ દેશો અને પ્રદેશોમાં થતું હોય છે.

મારી તબિયત વિશે લખતાં પહેલાં પૂછો તો ખરા: સુનૈના રોશન

(એજન્સી) મુંબઈ,

આ કઇ જાતનું મિડિયા હાઉસ છે, મને પૂછતાં પણ નથી કે મારી તબિયત કેમ છે અને ભળતું સળતું છાપી નાખે છે, એવા શબ્દોમાં સુનૈના રોશને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તાજેતરમાં એવા અહેવાલ પ્રગટ થયા હતા કે સુનૈનાની માનસિક તબિયત બાયપોલર ડિસઓર્ડરના પગલે વણસી છે અને એને ચોવીસે કલાક ડૉક્ટરોના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી છે. આ સમાચાર ઈન્ટરનેટ દ્વારા સોશ્યલ મિડિયા પર વાઈરલ થઈ ગયા અને સેંકડો લોકોએ સુનૈના તથા રોશન પરિવારને જણાવ્યું કે અમે તમારા માટે દુઆ-પ્રાર્થના કરીએ છીએ. સુનૈના અને રિતિકને આ સમાચારની જાણ થતાં સુનૈના ગુસ્સે થઈ હતી. એણે કહ્યું કે હું તો મારા દોસ્તો સાથે પાર્ટી કરી રહી છું. મારી તબિયત વિશે કંઈ પ્રગટ કરતાં પહેલાં કમ સે કમ મને પૂછવું તો જોઈએ. આવા અહેવાલો પ્રગટ કરવાની લોકો હિંમત શી રીતે કરતા હશે એ મને સમજાતું નથી. મારી તબિયત એકદમ સારી છે અને હું મારી અગાઉની માંદગી વિશે પુસ્તક લખવાનું વિચારી રહી છું.

તમારો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરવાની હિંમત છે?

(જી.એન.એસ,પ્રશાંત દયાળ)

હેડીંગ વાંચતા જ તેવુ લાગે કે મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરવામાં કયાં હિંમતની જરૂર છે, કદાચ તમે ફોન હાથમાં લઈ તરત ફોન સ્વીચ ઓફ પણ કરી દેશો, સવાલ હાથમાં રહેલો ફોન સ્વીચ ઓફ કરવા પુરતો સિમીત નથી, પણ સતત આપણને વ્યસ્ત રાખતા ફોન સાથે ડીટેચ થવાની વાત છે, મેં પણ જોયું છે અને તમે પણ નોંધ્યુ હશે કે, મિત્રો અને સંબંધી જયારે ભેગા થાય ત્યારે એકત્રીત થયેલા લોકોમાં બે ત્રણ વ્યકિતઓ સતત ફોનના સ્કીનને સ્પર્શ કર્યા જ કરે છે. તેઓ જાણે, તેમના માટે એક એક મિનિટનો હિસાબ રાખી રહ્યા હોય અને તેમની ઉપર વિશેષ જવાબદારી હોય. તે રીતે ફોન સર્ફીંગ કર્યા કરે છે. જો તેમની ચુક થઈ જાય તો પાકિસ્તાનનું પ્લેન બોમ્બ ફેંકી જતા રહેવાના હોય તેવું લાગે છે. ભેગા થયેલા મિત્રો તો મજાની વાત કરતા હોય કે, પછી કોઈ ગંભીર મુદ્દે ચર્ચા ચાલુ હોય પણ એકત્રીત થયેલા લોકોમાંથી કેટલાક લોકો શારિરીક રીતે બેઠકમાં હાજર હોવા છતાં હાથમાં ફોન લઈ ચર્ચા કરતા કરતા ફોનના સ્કીન સામે જ જોઈ રહે છે. આ એક બીમારી બનતી જાય છે જેનો ભોગ હું પોતે પણ બની ચુકયો છું, બે-ત્રણ કલાક સુધી કોઈનો ફોન આવે નહીં તો હાથમાં ફોન લઈ ચેક કરી લેતો ક્યાંક ફોન બગડી તો ગયો નથી, ફોનની બેટરી તો બરાબર છે વગેરે વગેરે અરે આપણને કોઈ ફોન ના કરે અને થોડાક કલાક ફોન અને આપણા મગજને શાંતિ મળે તો સારી વાત છે, ના પણ તેવું થતું નથી, કોઈનો ફોન ના આવે તો મન વ્યાકુળ થઈ જાય છે. જ્યારે સોસાયટીમાં કોઈ એકના જ ઘરે લેન્ડ લાઈન ફોન હતો ત્યારે ફોનનો માલિક આપણને બોલાવવા કે તમારો ફોન છે તો ફાળ પડતી હતી, મન બેચેન બની જતું હતું. નક્કી કોઈ ખોટા સમાચાર હશે તેવું લાગતું હતું. તેવી જ રીતે ઘરેથી કામ ઉપર જવા નિકળેલી વ્યકિતના ઘરમાં કોઈ ઈમરજન્સી ઊભી થાય તો તરત બોલાવી શકાય તેવી કોઈ વ્યવસ્થા ન્હોતી, માઠા અને સારા સમાચાર ઘરે પાછા ફર્યા બાદ જ મળતા હતા, છતાં દુનિયા હમણાં કરતા વધુ સારી રીતે ચાલતી હતી. છતાં મોબાઈલ ફોનનું આગમન થયા બાદ આપણી જીંદગી ડીસ્ટર્બ થઈ ગઈ છે. ફોને આપણો માનસીક કબજો લઈ લીધો છે. ઘણી વખત મને ખુબ ઉંઘ આવતી હોય તો પણ હું ફોન સ્વીચ ઓફ કરતો નહીં મને મનમાં સતત ડર લાગતો કે ફોન સ્વીચ ઓફ કરીશ અને કોઈ ઈમજન્સી આવશે તો? પણ થોડા મહિના પહેલા હું લગભગ એક અઠવાડિયા સુધી બીમાર રહ્યો હતો, ફોન પકડવાની તાકાત પણ શરિરમાં ન્હોતી જેના કારણે મેં ફોન સ્વીચ ઓફ કર્યો અને એક અઠવાડિયા સુધી ફોન બંધ

રહ્યો, જ્યારે હું સાજો થયો ત્યારે મને ખ્યાલ આવ્યો કે મોબાઈલ ફોન વગર પણ જીંદગી સારી રીતે જીવી શકાય છે. મને સમજાયું કે ફોન સ્વીચ ઓફ થાય તો પણ કઈ ખાટું મોળુ થતુ નથી, કારણ આપણે ડૉકટર- ફાયર ઓફિસર અને પોલીસ નથી જો આપણો સમયસર સંપર્ક થશે નહીં થાય તો મોટી ગરબડ થઈ જાય તેવું નથી, હું ફોનનો ઉપયોગ કરવો જોઈએ નહીં તેવું કહેતો નથી, પણ ફોન સતત આપણને માનસીક વ્યસ્ત બનાવી રહ્યો છે. તે તરફ તમારૂ ધ્યાન દોરવા માંગુ છું. મારા એક મિત્ર જીજ્ઞેશ પટેલે મને બહુ એક સારો શબ્દ આપ્યો તેણે કહ્યું આપણે ડીઝીટલ થયા પણ આપણે ત્યાં ડીઝીટલ લીટરસીનો અભાવ છે. મેં જોયું કે કેટલાંક મિત્રો વોટસએપ ઉપર આવતા વીડિયો સતત જોયા કરે છે જાણે તેમને વળગણ થઈ ગયું હોય તેવું લાગે છે, વીડિયો જુવો તેનો પણ વાંધો નથી પણ વોટસએપમાં આવતી તમામ ઘટનાને લોકો સાચી માને છે અને પોતાના મિત્રોને ફોરવર્ડ પણ કરે છે આમ સોશ્યલ મીડિયા આપણા નિર્ણયોને નિયંત્રીત કરતુ થઈ ગયું, કેટલાંક તો આખો દિવસ ફોન ઉપર વિશ્વના પ્રશ્નોની ચિંતા કરતી ચેટ કર્યા જ કરે છે, મને તો ઘણી વખત લાગે છે આ ક્યારે જમતા હશે અને ક્યારે સુતા હશે તે તો જવા દો ધંધો પાણી છે કે નહીં તેવો પણ પ્રશ્ન થાય છે. મોડી રાત સુધી ફોનમાં ઘુસી જાય છે અને સવારે ઉઠતા ઓશીકા પાસે રહેલો ફોન જાણે પોતાનું બાળક હોય તેમ હાથમાં લઈ લે છે. આવી વ્યકિતને તમે કહો કે ફોન થોડાક કલાક દુર રાખો અથવા ફોન સ્વીચ ઓફ કરો જાણે તેમને કાશ્મીરનો અડધો ભાગ પાકિસ્તાનને આપવાની વાત કરી હોય એટલો ગંભીર લાગે છે. મોબાઈલ ફોન વગર પણ જીંદગી જીવી શકાય છે તેવુ તેઓ ભુલી ગયા છે આપણે ત્યાં ફોનના કારણે બેડમેનર પણ વધી રહી છે જયારે આપણી સાથે કોઈ વાત કરે છે ત્યારે આપણે ફોન હાથમાં લઈ વોટસઅપ ચેક કરીએ છીએ, કોઈને ચેટનો જવાબ આપીએ, થોડીક ક્ષણ માટે ઉભા થઈ બાજુમાં જઈ વાત કરી લઈએ છીએ, મોટા ભાગે આ વ્યવહાર ટાળી શકાય તેવો હોય છે પણ આ આપણી એક આદત બની ગઈ છે કે સામેની વ્યકિતનું અપમાન કહેવાય અથવા સામે રહેલી વ્યકિતને આપણે ગંભીરતાથી લઈ રહ્યા નથી તેવો અર્થ થાય તેવુ પણ આપણને સમજાતુ નથી, આવી જ રીતે અનેક બાજુની વ્યકિત ફોન ઉપર કઈક કામ કરી રહી હોય ત્યારે તેના ફોન સ્કીનમાં ડોકયુ કરવાની ટેવ હોય છે. કોઈના ફોનમાં ડોકયુ કરવાનો સીધો અર્થ તમે તેની ઈચ્છા વિરૂધ્ધ તેની અંગત જીંદગીમાં પ્રવેશી રહ્યા છો. ઠીક લાગે તો થોડો ફોનને દુર કરવાનો પ્રયત્ન કરી જુવો કદાચ તમારો ફોન પણ પોતાને આરામ આપવા માટે તમારો આભાર માનશે.

ફોટો ગેલેરી

વૈજ્ઞાનિકોને સાઈબેરિયાની બર્ફિલી પહાડિયો પર હિમયુગના એક વરૂનું માથું શોધ્યું છે. વરૂના માથામાં મગજ અને તેની સાથે વાળ અને દાંત પણ સુરક્ષિત છે. આશ્ચર્યની વાત એ છે કે આ વરૂનું જે માથુ મળી આવ્યું છે તે ૪૦ હજાર વર્ષ જૂનુ છે. માથું ૧૬ ઈંચ લાંબુ છે. જે આજના યુગના વરૂના માથાના આકારથી લગભગ બમણું છે.

બીજીવાર માતા બનેલી એશા દેઓલને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગુરૂવાર (૧૩ જૂન)ના રોજ એશા પતિ ભરત તખ્તાની, ન્યૂ બોર્ન બેબી મીરાયા તથા મોટી દીકરી રાધ્યા સાથે જોવા મળી હતી. મીરાયાનો જન્મ ૧૦ જૂન (સોમવાર)ના રોજ મુંબઈની હિંદુજા હોસ્પિટલમાં થયો હતો.

ગુજરાતમાં વેરાવળના અરબી સમુદ્ર કિનારે એક માછીમારી હોડીને સુરક્ષિત જમીન પર ખસેડવાનો પ્રયાસ કરે છે.

ગુવાહાટીમાં એક ઝૂ ખાતે ગરમ ઉનાળાના બપોરે એક ઝૂકીપર હાથી ઉપર પાણી નાખી રહ્યો છે.

નવી દિલ્હીમાં ગરમ ઉનાળાના દિવસે પાણી ભરવા જઈ રહેલ બાળકીઓ નજરે પડે છે.

જમ્મુ અને કાશ્મીર ના સોનામર્ગમાં તાજા હિમવર્ષા પછી બરફ ઢંકાયેલ પર્વતનું દૃશ્ય.